સુવિચાર

મૌન પણ અભિવ્યક્તિની ઉમદા કળા છે !

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી.

ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦

તા. ૩૦/૦૫/૨૦૨૫, શુક્રવાર

ફોન : ૨૨૮૪૨૨

www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803

Postal Reg.No. AMR/217/2024-26

E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999

હરિૐ

PENDAWALA

રસપાત્રા ખાંડવી બેબી ઈડલી

નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ સુદ-૪ વર્ષ : ૧૬ અંક : ૧૪૪


## સારહિ યુથ કલબ સંચાલિત સારહિ તપોવન આશ્રમનાં પટાંગણમાં

# અમરેલીમાં ''શિવ પરિવાર'' પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

**સતત પાંચ દિવસ સુધી પૂજન, મંત્રજાપ, યજ્ઞ સહિતનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું**

**૧લી જૂનને રવિવારે સાંજે ૫ કલાકે હેમાદ્રિ પ્રયોગ, દશવિધ સ્નાનથી થશે પ્રારંભ**

**૨ જૂનને સોમવારે સવારે ૭:૪૫ કલાકે સર્વદેવ પૂજાથી પંચદિન ધાર્મિક કાર્યક્રમનો પ્રારંભ**

**તપેશ્વર મંદિરનાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનાં મુખ્ય યજમાન મુકેશભાઈ સંઘાણી અને સેજલબેન સંઘાણી**

અમરેલી, તા. ૨૯

અમરેલીની સેવાભાવી સંસ્થા સારહિ યુથ કલબ સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં નિર્માણ પામેલ તપેશ્વર મહાદેવ મંદિરમાં ૧લી જૂનને રવિવારથી પંચદિન સાધ્ય શિવ પરિવાર પ્રતિષ્ઠા મહોત્સવનો આસ્થાઈ અને ઉત્સાહભેર પ્રારંભ થઈ રહ્યો હોય તડામાર તૈયારીઓ થઈ રહી છે.

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનાં પ્રારંભની પૂર્વસંધ્યાએ ૧લી જૂને સાંજે ૫ થી ૬:૩૦ કલાક સુધી હેમાદ્ર પ્રયોગ, દશવિધ સ્નાન અને પ્રાયશ્ચિત દશદાન બાદમાં પ્રતિષ્ઠા મહોત્સવનાં પ્રથમ દિવસે સોમવારે સવારે ૭:૪૫ કલાકે સર્વદેવ પૂજા, ગણેશ પૂજન, પૂણ્યાહવાચન, માતૃકા પૂજન, આયુષ્ય મંત્રજાપ, વૈશ્વદેવ સંકલ્પ અને નાંદી શ્રાધ્ધ અને સવારે ૧૦ કલાકે મંડપ પ્રવેશ, બ્રહ્માદી પૂજન, આચાર્યવરણ, કુંડ પૂજન અને બાદમાં અરણી મંથન પ્રયોગ, સ્થાપિત દેવતા આવાહન, પ્રધાનદેવતા પૂજન અને ગ્રહશાંતિ હોમ યોજશે.

સોમવારે બપોર બાદ નગરયાત્રા અને સાંજે ૧૧ કન્યા દ્વારા દેવતાનું પૂજન, અરણીમંથન પ્રયોગ સહિતનાં ધાર્મિક કાર્યક્રમો યોજાશે. બાદમાં મંગળવાર, બુધવાર, ગુરૂવારે ધાર્મિક કાર્યક્રમ યોજાશે અને છેલ્લે શુક્રવારે બપોરે ૧૨:૩૦ કલાકે સમગ્ર પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થશે.





પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનાં મુખ્ય યજમાન મુકેશભાઈ સંઘાણી અને સેજલબેન સંઘાણી અને સહ યજમાન અતુભાઈ પડશાલા, આરતીબેન પડશાલા, અશોકભાઈ જોગાણી અને કલ્પનાબેન જોગાણી, દેવાંશુભાઈ સોની અને શ્વેતાબેન સોની તેમજ હરેશભાઈ બાંભરોળીયા અને સોનલબેન બાંભરોલીયા રહેશ.

## વાહન ચાલકોની માંગ તંત્ર સુધી પહોંચી

# અંતે દામનગરમાં ગાયત્રી મંદિર નજીક નવુ નાળુ બનાવવાનું શરૂ થયુ

**ટુંક સમયમાં નાળાનુ નિર્માણ કાર્ય પુરૂ થશે**



દામનગર, તા. ૨૯

દામનગરમાં ગાયત્રી મંદિર નજીક જુના નાળાનું આયુષ્ય પૂર્ણ થતાં નવું નાળુ બનાવવાનું તેજ ગતિથી નિર્માણ કાર્ય શરૂ. દામનગર શહેરની મધ્યમમાંથી પસાર થતી રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના વૈજનાથ મહાદેવ અને ગાયત્રી મંદિર નજીક આવેલ માર્ગ પરના જુના નાળાની જગ્યાએ નવું નાળુ બનાવવાનું કાર્ય પૂર ઝડપે થઈ રહ્યું છે. જે ટૂંક સમયમાં બની જશે એવું જાણવા મળેલ છે.

## ટ્રેક્ટર ઉપર જતાં મારામારીની ઘટના બની

# બગસરા-માણેકવાડા માર્ગ ઉપર ખેડૂત ઉપર ૬ ઈસમોએ કર્યો હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૯

વિસાવદર તાલુકાના ભલગામ ગામે રહેતા મુકેશભાઈ મધુભાઈ કોટડીયા નામના ૪૫ વર્ષિય ખેડૂત તા. ૨૭નાં ૧૬૩૦ વાગ્યા પછીના સમયે પોતાના ટ્રેકટર લઈ બગસરા-માણેકવાડા હાઈવે રોડ, નાયરા પેટ્રોલ પંપની આગળ પેટ્રોલ પંપથી બેરલ ભરી પરત પોતાના ગામ ભલગામ આવતા હોય. તે દરમ્યાન તે જ ગામે રહેતા હાથીભાઈ બાવકુભાઈ બસીયા તેમજ બે અજાણ્યા પુરૂષ બુલેટ વાહન પર આવી ટ્રેકટરની પાછળ ગાડામાં બેસી જઈ એકદમ અચાનક પાછળથી આવી ખેડૂતનું ગળુ પકડી દઈ તેને નીચે પાડી દીધેલ હતા. આરોપીએ હાથમાં લોખંડનો પાઈપ લઈ ખેડૂતના શરીરે, હાથે તેમજ પગે જેમફાવે તેમ માર મારેલ હતો. બાદમાં આરોપી ભવદીપભાઈ હાથીભાઈ બસીયા, સીધુભાઈ જેતુભાઈ બસીયા તથા એક અજાણ્યો પુરૂષ સફેદ કલરની ફોર વ્હીલમાં આવી ખેડૂતને જેમફાવે તેમ ગાળો દઈ ખેડૂતનો મોબાઈ કિંમત રૂપિયા


અનુસંધાન પાના ૬ ઉપર

## માર્ગ-મકાન વિભાગે યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ

# સાવરકુંડલા-મહુવા માર્ગ ઉપર ઓવરબ્રિજનાં બાંધકામનાં કારણે ટ્રાફિકની સમસ્યા જોવા મળી

**ડાઇવર્ઝનમાં ડામર પાથરવામાં ન આવતા પરેશાની**





સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા-મહુવા રોડ પર ચાલી રહેલા રેલવે ઓવરબ્રિજના બાંધકામને કારણે શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા અને જાહેરનામાના અમલીકરણમાં ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. ઓવરબ્રિજના નિર્માણ માટે રોડ ડાયવર્ઝન કાઢવામાં આવેલ છે ડાયવર્ઝન રોડ પર કોન્ટ્રાક્ટર દ્વારા યોગ્ય રોડ બનાવવામાં ન આવતાં નાના વાહનોને ભારે હાલાકીનો સામનો કરવો

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લા પંચાયતનાં સદસ્યનાં આક્ષેપનો પોલીસે કર્યો ખુલાશો

# લીલીયા મોટામાં દારૂ વેચનાર ઈસમ સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો

**મીડિયા સમક્ષ ખોટા આક્ષેપ કરવામાં આવ્યા હોવાનું જણાવાયુ**

અમરેલી, તા. ૨૯

લીલીયા ભાજપના નેતા અને જિલ્લા પંચાયતના ભાજપના સદસ્ય વિપુલ દુધાતે ગઈકાલે કરેલા પોલીસવડા વિરૂધ્ધના આક્ષેપ મામલે અમરેલી વિભાગીય પોલીસ વડાએ આજે પ્રતિક્રિયા આપી હતી.

અમરેલી ડી.વાય.એસ.પી. ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું કે, દુધાત દ્વારા વાયરલ કરેલ વીડિયોમાં દારૂ વેચનાર શખ્સ કનુ વાઘેલા સામે પોલીસે કાર્યવાહી કરી ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો.



તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં સને ૨૦૨૪માં ૫૦૭૫ પ્રોહીબિશનનાં કેસ કરવામાં દાખલ કરવામાં આવેલા છે. એટલું જ નહીં સને ૨૦૨૫ના એપ્રિલ માસ સુધીમાં પણ ૧૭૮૦ પ્રોહીબિશનના ગુન્હાઓ દાખલ કરવામાં આવેલ છે. ત્યાશે વિપુલ દુધાત દ્વારા અગાઉ પણ ટ્રાફિક કે પોલીસની કામગીરીમાં ખોટી ભલામણ કરતા હોય છે.

લીલીયા તાલુકાના પૂંજાપાદરમાંથી ગેરકાયદેસર રેતી ભરેલ ટ્રેકટર પોલીસે ઝડપ્યું હતું. ત્યારે પણ વિપુલ દુધાતે પોલીસને ટ્રેકટર છોડી મુકવા ભલામણ કરેલ હતી.

ગઈકાલે અમરેલીના એસ.પી.ને રજુઆત કરવા આવેલા વિપુલ દુધાતને કાયદેસર કાર્યવાહી કરવા માટે એસ.પી.એ ખાત્રી આપેલ ત્યારે પણ વિપુલ દુધાત ઉગ્ર થઈને બહાર નીકળી ગયા હતા. અને મીડિયા સમક્ષ ખોટા આક્ષેપો કરવામાં આવેલ હતા. તેમ અમરેલી ડી.વાય.એસ.પી. ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું.


Gold Project

અમારી નવી યોજના 'Gold Project' યોજનાની વધુ માહિતી માટે સંપર્ક કરશો

શ્રીજી કન્સલ્ટન્સી

C/o સોના રૂપા જ્વેલર્સ,દાણા બજાર, ટાવર પાસે-અમરેલી

સમય : બપોરે ૪:૦૦ કલાક થી ૭:૦૦ કલાક

Mo. 94261 25285

તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે

અમરેલીથી માત્ર ૫ (પાંચ) કી.મી.દુર આવેલ રાજકોટ રોડ ઉપર, સ્ટેટ હાઈ-વે થી માત્ર ૭૦૦ મીટર દુર તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે.

સાડા પાંચ વીઘા જમીન, ૧૫×૨૦ ની એટેચ સંડાસ બાથરૂમ સાથેની રૂમ, બે બોરવેલ, સબમર્સીબલ, ફુલ પાણી, ઈલેક્ટ્રીક લાઈટ કનેક્શન, શેડ સાથેનું તૈયાર ફાર્મ હાઉસ વેચાણથી આપવાનું છે.

સંપર્ક : ૯૮૨૫૫ ૬૨૩૬૧

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

85,100/-

(૧૦ ગ્રામ)

રહેલ તા. ૨૯/૦૫/૨૦૨૫ ના રોજ

હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો

63549 73131

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલીના પ્રખ્યાત શોરૂમ માટે

સ્ટાફ જોઈએ છે

- સેલ્સ એક્ઝિક્યુટિવ
- વર્કશોપ મેનેજર
- એકાઉન્ટન્ટ અને બેક ઓફિસ
- મીકેનીક
- ટેલીકોલર
- પાર્ટસ ઈન્ચાર્જ
- ઓફિસ બોય / પ્યુન
- વોશીંગ બોય

અનુભવી માટે પહેલી પસંદગી/રીઝયુમ સાથે રૂબરૂ મળો

89589 89789 / 99781 28981

info.shyamtvs@gmail.com

SHYAM TVS

શ્યામ ટી.વી.એસ., સ્ટેશન રોડ, ગોપી સીનેમા પાસે, અમરેલી-૩૬૫૬૦૧

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ

:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી

કાર્યક્ષેત્ર ::- ધો-9 થી 12 સાયન્સ/કોમર્સ/RENEET

:: શૈક્ષણિક વિશેષતાઓ ::

હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE-NEET) Foundation ની તૈયારી કરશે.

જ્યાં થશે Advance Maths-Science, રીઝનિંગ English અને ની બધુ દુ કેટ તૈયારી.

મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...

ધો :- 9 & 10

થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા

... સ્કોલરશીપ યોજના...

| | | |
|---|---|---|
| ધોરણ 8 | 95% ઉપર | 9 મું FREE |
| ધોરણ 9 | 95% ઉપર | 10 મું FREE |

ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલશીપ મેળવી શકશે.

# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...

સિલેબસ પક હેતુલક્ષી પ્રશ્નો ::

15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.

કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ

96645 82254/95863 68637

પંડયા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ

ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...

- Smart Board ધરાવતા કલાસ..
- અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.

ADMISSION OPEN - 2025

ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા

ધો.-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...

# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...

ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ

93287 12928 / 76 220 22086

## વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતાં માર્ગ પર પાણી ફરી વળ્યા

# જાફરાબાદમાં પડેલ કમોસમી વરસાદે પાલિકાની પોલ ખોલી

**આંગણવાડી અને શાળા નજીક વરસાદી પાણીનો ભરાવો થતાં બાળકોનાં આરોગ્ય પર ખતરો**

**તાજેતરમાં લાખો રૂપિયાનાં ખર્ચે બનેલ માર્ગમાં વરસાદી પાણીનો કોઈ નિકાલ જ નથી**

**પાલિકાનાં બાંધકામ ઈજનેરે કયાં ભૂલ કરી તેની તપાસ કરવી જરૂરી બની**

**નવનિયુકત નગર સેવકોએ શહેરીજનોને મતનાં બદલામાં સુવિધા આપવી જોઈએ તેવી માંગ**



જાફરાબાદ, તા. ૨૯

જાફરાબાદમાં પ્રાથમિક સાગર શાળા નજીક આવેલ મેઈન રોડ કે જયાં નજીક બાળકો માટે આંગણવાડી આવેલ હોય તેમજ શાળા પણ હોય રાહદારીઓ માટેનો રોડ હોય તેમજ અહીં બાજુમાં જ મચ્છી માર્કેટ હોવાથી અહીંથી મોટી સંખ્યામાં મહિલાઓ તેમજ વાહનોની પણ મોટી સંખ્યામાં અવરજવર રહેતી હોય. અહીં થોડો ઘણો વરસાદ વરસે એટલે પાણીનું તળાવ ભરાઈ જાય છે. અહીં થોડા સમય પહેલા આરસીસી રોડ બનાવવા આવ્યો હતો પરંતુ વરસાદી પાણીના નિકાલ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હોવાથી વરસાદી પાણીનુ તળાવ ભરેલું રહેતું હોય જયાં વરસાદી પાણી ભરાઈ જાય છે. ત્યાં નજીકના ભૂલકાઓ માટે આંગણવાડી હોય આ વરસાદી પાણીના કારણે બાળકોના આરોગ્ય સામે ગંભીર ખતરો હોય તેમજ અહીં બાજુમાં જ સાવ નજીક ભુગર્ભ ગટર હોય તે બાજુ ધાર દેવાને બદલે ઓછું મટીરીયલ વાપરી ગાંધીછાપ નોટ મેળવી લેવામાં આવી છે. પરંતુ આ બધી એન્જીનીયરની કમાલ કહીં શકાય કે જેના લીધે રોડ રસ્તા અને ભુગર્ભ ગટર રોડ ઉપર વ્હેતી નથી અને વરસાદી પાણીના તળાવ ભરાયેલા દેખાતા હોય તો આ બધી દેન તેની કહીં શકાય. વરસેલા વરસાદે નગરપાલિકાની પોલ ખોલી છે. જાફરાબાદ પાલિકાની પ્રિ–મોન્સુન કામગીરી ટલ્લે ચડી હોય તેવું અહીં જોતા લાગી રહ્યું છે. આ બાબતે લોકોના વિસ જીતીને ચુંટાયેલા સભ્યો આ બાબતની ગંભીરતા ધ્યાને લેવામાં આવશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે. હાલતો ભરેલા તળાવના પાણીમાંથી ના છૂટકે પસાર થઈ રહ્યા છે અને વાહન ચાલકો, રાહદારીઓને આ વરસાદી પાણીના ભરેલા તળાવના પાણીથી લોકોનાં કપડાં પલાળી રહ્યા છે અને બાજુમાં આવેલ આંગણવાડીના ભુલકાઓને ભરેલા તળાવના પાણીના મચ્છરો લોહી પી રહ્યા છે અને પાલિકા રોગચાળો ફેલાય તેની રાહ જોઈ રહી હોય તેવો નજારો જનતા જનાર્દન જોઈ રહી છે. પાલિકા હંગામી ધોરણે નિકાલ કરવાને બદલે વરસાદી અને ભુગર્ભ ગટરના પાણી ભરાઈ તેવી વ્યવસ્થા કરવા આવી રહી હોય તેવું અહીં ટુંક સમયમાં બનેલા રોડથી જ લોકોનાં ધ્યાન ઉપર આવી ગયું છે. થોડા સમયમાં જ વિદ્યાર્થીઓનું વેકેશન પૂર્ણ થવામાં આવી રહ્યું છે. ત્યાં ફરી આ ચોમાસામાં વરસાદનું પાણી સ્કુલની નજીક ભરાતા ફરી વિદ્યાર્થીઓને મચ્છર કરડે તેવી વ્યવસ્થા જાફરાબાદ પાલિકા દ્વારા કરવામાં આવી છે. અહીં થોડા ઘણા વરસાદમાં પાણીનું તળાવ ભરેલું રાહદારીઓ અને વાહન ચાલકો જોઈ રહ્યા છે પરંતુ પાલિકાના ધ્યાન ઉપર કયારે આવશે..??

શું આ બાબતની ગંભીરતા પાલિકા ધ્યાન ઉપર લેશે? નાગરિકોની પડતી હાલાકી દૂર કરવામાં આવશે..? અહીં મચ્છરનો ઉપદ્રવ વધી રહ્યો હોય પરંતુ પાલિકા દ્વારા ડીડીટીનો છંટકાવ કરવામાં આવતો નથી રોગચાળો ના ફેલાય તે પહેલાં પાલિકા દ્વારા ડીડીટીનો છંટકાવ કરવામાં આવે તથા વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

### ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરાતા

## અમરેલીનાં કથિત ખંડણી પ્રકરણમાં આરોપીને જામીન પર મુકત કરી દેવાયા

**એડવોકેટ અજય પંડયાની દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૨૯

અમરેલીમાં ચકચારી બનેલ રાધિકા હોસ્પિટલનાં સીઈઓ પાસે કથિત રીતે ખંડણી માંગવાનાં ગુન્હામાં ઝડપાયેલ મીડિયાકર્મીને આજે જામીન પર મુકત કરવામાં આવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, રાધિકા હોસ્પિટલનાં સીઈઓનો એક કથિત વિડીયો વાયરલ કરવાની ધમકી આપીને ખંડણી માંગવાનાં ગુન્હામાં મીડિયાકર્મી જયેશ લીંબાણી સામે ગુન્હો નોંધાયા બાદ પોલીસ ટીમે તેની અટકાયત કરીને પુછપરછ કરીને આજે ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરતાં એડવોકેટ અજય પંડયાની દલીલોનાં આધારે આરોપીને જામીન મુકત કરવામાં આવ્યા છે.

### પાલિકાનાં શાસકોએ જનલક્ષી કામગીરી કરી

## હાંશકારો : સાવરકુંડલાનાં લુહાર સોસાયટી વિસ્તારમાં ગટર ઉભરાવવાની સમસ્યા દુર

**સ્થાનિક રહેવાસીઓમાં ખુશીનો માહોલ**

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા હાથસણી રોડ વોર્ડ નંબર પાંચમાં લુહાર સોસાયટીમાં એક ગટરનો પાઈપ બેસી ગયેલ હોવાથી મેઈન ગટર બ્લોક થવાથી ગટરના ગંદા પાણી લુહાર સોસાયટીમાં થઈ ગણેશવાડી અને કાનાતળાવ રોડ ચડયાં. આમ ગટરનું ગંદુ પાણી નીકળ તાં આ વિસ્તારના લોકો ભારે પરેશાની ભોગવી રહ્યા હતા. તે બાબતની જાણ વોર્ડ નંબર પાંચના સદસ્ય પતિ કરશનભાઈ આલને જાણ થતાં કરશનભાઈ બી. રબારીએ તાત્કાલિક નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીને જાણ કરતાંની સાથે માત્ર વીસ મિનિટના સમયગાળામાં સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી તથા લાલાભાઈ ગોહિલ,



નગરપાલિકા ટીમ તાત્કાલિક સ્થળ પર હાજર થઈ ગટરના પાણી રોડ પર વહેતા પાણીના પ્રશ્નનું નિવારણ કરવા સતત બે દિવસ જહેમત ઉઠાવી અને ગઈ કાલે સાંજે ૬ સાડા છ આસપાસ આ સમસ્યાનું નિવારણ થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ વિસ્તારના રહીશોએ નગરપાલિકા પ્રમુખ ઉપપ્રમુખ સ્થળ પ્રતિનિધિના એક ફોન ઉપર શહેરના વોર્ડ નંબર પાંચના લોકોને પ્રશ્નોને હલ કરતાં સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ ત્રિવેદી સમેત નગરપાલિકા પદાધિકારીઓનો કાર્ય પધ્ધતિની પ્રશંસા થઈ રહી છે.

## સાવરકુંડલા : વડીલો અને દર્દીઓને અલ્પાહાર કરાવવામાં આવ્યો






સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ પર આવેલા ગિરધર ઘર વૃધ્ધાશ્રમ ખાતે ડો. અભિજીત જેબલિયા અને હરિ ઓમ મેડિકલ વંડા તરફથી મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. જસુબાપુ દ્વારા અહીં રહેતાં તમામ વડીલજનોને સમોસાનો નાસ્તો કરાવવામાં આવેલ. આ ઉપરાંત સાવરકુંડલા ખાદી કાર્યાલય પાસે આવેલ વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સાવરકુંડલા સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે આ આરોગ્ય મંદિરમાં મેડિકલ સારવાર અર્થે દાખલ થયેલા ૫૦ દર્દીનારાયણને લીલા નાળીયેરના ત્રોફા અને બિસ્કિટનું સસ્નેહ અને સસ્મિત વિતરણ કરવામાં આવ્યું અને તમામ દર્દીઓ વહેલી તકે સાજા થઈ હસ્તે મુખે પોતાના ઘરે પરત ફરે એવા શુભાશિષ પણ પાઠવવામાં આવેલ. આ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયા તથા અશોકભાઈ ડાભી, અમિતભાઈ જોષી વગેરે સ્ટાફે પણ આવી સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી દાતાનો આભાર માન્યો હતો.

### નાયબ દંડકની જહેમતથી યાર્ડ બન્યુ

## કુંકાવાવનાં નવા માર્કેટયાર્ડનાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી

**ચેરમેનપદે ગોપાલભાઈ અંટાળાને જવાબદારી**



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૨૯

કુંકાવાવની વર્ષોની માર્કેટયાર્ડની માંગણી હતી જેની આગેવાની દ્વારા અનેક વખત રજુઆત થઈ હતી અને આ બાતે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાને તાલુકાભરના ભાજપના આગેવાનો તેમજ ખેડૂતો સરપંચો દ્વારા કુંકાવાવને નવુ માર્કેટયાર્ડ મળે તે માટે રજુઆતો થઈ હતી. જેના અનુસંધાને કુંકાવાવ બગસરા સંયુકત યાર્ડ હતું. જેનું વિભાજન કરીને કુંકાવાવ તાલુકાને સ્વતંત્ર યાર્ડ રાજય સરકાર દ્વારા મંજુર કરાતા યાર્ડની બોડીની વરણી કરવામાં આવી હતી. જેમાં તા. ૨૮/૫/૨૫ના રોજ બગસરા ખાતે સરકારી અધિકારીની હાજરીમાં માર્કેટયાર્ડના હોદેદારોની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં કુંકાવાવના પુર્વ તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળાની ચેરમેનપદે વરણી તેમજ ઈશ્વરીયાના પુર્વ મહામંત્રી રમેશભાઈ સાકરીયા, રમેશભાઈ સાકરીયાની વાઈસ ચેરમેન પદે વરણી કરવામાં આવી હતી. જયારે નવનિયુકત હોદેદારોએ જણાવ્યું હતું. કે ટુક સમયમાં નવું માર્કેટયાર્ડ બનાવવા માટે જરૂરી મંજુર જેમાં બાંધકામ તેમજ ખેડૂતો માટે રહેવા જમવા તેમજ રોકાવા માટેની સગવડો ઉભી કરવામાં આવશે. તેમજ ખેતીના પાકના ખરીદ માટે મોટા વેપારીઓનો સંપર્ક કરવામાં આવશે. જેની ખેડૂતોને પોતાના પાકનુ મહતમ વળતર મળી રહે અને બે વર્ષની અંદર માર્કેટયાર્ડ કાર્યરત થઈ જશે તેવી આશા વ્યકત કરી હતી. જયારે યાર્ડ માટેની જમીનની ફાળવણી થઈ ગઈ છે. હવે બાંધકામ માટેની રાજય સરકાર દ્વારા મંજુરી ટુક સમયમાં મળી જાય તેવું જણાવ્યું હતું. અને ધારાસભ્ય કૌશિકભાઈની જહેમતથી કુંકાવાવને નવુ સ્વતંત્ર યાર્ડ ગયુ છે. તેનો આભાર વ્યકત કર્યો હતો.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

## સાવરકુંડલા : AIF (દીપશાળા) કલસ્ટર કોર્ડીનેટર દ્વારા બ્રિજકોર્ષના વર્ગમાં વિઝીટ કરવામાં આવી



ધજડી પ્રાથમિક શાળામાં દીપશાળા પ્રોજેકટના ડિરેકટર શંકર શર્મા અને દીપશાળા પ્રોજેક્ટરના મેનેજર હાર્દિક સોનછાત્રા અને પ્રોજેકટ ઓફિસર અમિત મુંજપરા દ્વારા કલસ્ટર કોર્ડીનેટર વિનોદભાઈ વિંઝુડા દ્વારા ચલાવવામાં આવતા બ્રિજકોર્ષના વર્ગમાં વિઝીટ કરવામાં આવી હતી. આ સાથે શાળાના શિક્ષક શાળાના ટયુટર તેમજ ધજડી ગામના સરપંચ ભરતભાઈ ધડુકે હાજરી આપી હતી. શાળાના શિક્ષક અને સરપંચ સાથે ચર્ચાવિચારણા કરી હતી. વિદ્યાર્થીઓને સારૂ એવું માર્ગદર્શન આપ્યું હતું તેમજ બાળકોનો ઉત્સાહ માં વધાર્યો હતો. આ સાથે બ્રિજકોર્ષમાં આવતા બાળકોને ટેસ્ટમાં સારા માર્કસ આવતા તેઓને પ્રોત્સાહિત ઈનામો પણ આપવામાં આવ્યા હતા. ખરેખર આ વિઝીટ બાળકો માટે ખૂબજ લાભદાયી રહી હતી.

# શહેરને સુંદર અને રળીયામણું બનાવવાનાં દાવાઓ પોકળ સાબિત

# સાવરકુંડલાનાં જેસર માર્ગ ઉપરનાં રહેણાંક વિસ્તારમાં ભયાનક ગંદકી

છેલ્લા ઘણા સમયથી ગટરનાં ગંધાતા પાણી જાહેર માર્ગ પર ફરી વળે છે

પ્રિયાંસી સ્કૂલ નજીકની સોસાયટીનાં રહેવાસીઓએ કરેલી રજૂઆતનો કોઈ જવાબ નથી

અવારનવાર નગર સેવકને પણ રજૂઆત કરવામાં આવી છતાં પરિણામ શૂન્ય

વિકાસ દ્રષ્ટા ધારાસભ્યએ એકાદ કલાક માટે સોસાયટીની મુલાકાત લઈ સમસ્યા જાણવી જોઈએ



અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાનાં નંબર-ટુ શહેર સાવરકુંડલાને સુવર્ણ કુંડલા બનાવવાનાં દાવાઓ વચ્ચે જેસર માર્ગ ઉપર આવેલ પ્રિયાંસી સ્કૂલ નજીકની સોસાયટીમાં ગટરનાં ગંધાતા પાણી માર્ગ પર ફરી વળતા હોય સ્થાનિકોનાં આરોગ્ય ઉપર ગંભીર ખતરો ઉભો થયો છે.

સ્થાનિક રહેવાસી મેહુલ અગ્રાવતે જણાવેલ છે કે, છેલ્લા કેટલાય સમયથી ગટર ઉભરાઈ રહી છે કોઈ સોલ્યુશન જ નથી. અવારનવાર નગર સેવકને રજૂઆત કરવામાં આવી છતાં કોઈ પરિણામ મળતું નથી. વધુમાં જણાવેલ છે કે, વિકાસ દ્રષ્ટા ધારાસભ્યએ આ વિસ્તારની મુલાકાત લઈને સમસ્યાનું સમાધાન કરાવવું જોઈએ તેવી માંગ અંતમાં કરેલ છે.

## અમરેલીનાં કોંગી અગ્રણીએ જરખીયાનાં પીડિત પરિવારની મુલાકાત લીધી



અમરેલી, તા. ૨૯

લાઠી તાલુકાના ઝરખિયા ગામના નવયુવાન સ્વ.નિલેશ રાઠોડની બેરહમીથી હત્યા કરવામાં આવી. સ્વ.ને શ્રદ્ધા સુમન અર્પણ કરવા અને પીડિત પરિવારને સાંત્વના આપવા જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ, સ્વ.ધારાસભ્ય મગનભાઈ રાણવાના પુત્ર શાંતિલાલ રાણવાએ તેમના સાથી કાર્યકરો રાજુભાઈ સોલંકી, પ્રકાશભાઈ વાઘેલા, ડાયાભાઈ એમ.ઈ.ટી.એ વી. આઈ.એ ઝરખિયાની મુલાકાત લીધી હતી. આ તકે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા પણ હાજર હતા. સરકારમાંથી મળનાર સહાય બાબતે ચર્ચા કરી. સરકાર સાથે થયેલ સમાધાન મુજબ નોકરી, ખેતીની જમીન વી.વળતર વહેલી તકે મળે તેવી રજૂઆતએ સરકારને પોતાના લેટરહેડ ઉપર કરેલ છે. જિલ્લા કોંગ્રેસ પક્ષ પીડિત પરિવારની સાથે છે તેવું હૈયાધારણ પણ આપેલ છે. દોષિતો ઉપર કડક કાર્યવાહી થાય તેવી માંગ કરવામાં આવી.

## લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની બદલી થતા વિદાય અપાઈ



લીલીયા, તા. ૨૯

લીલીયા મોટા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓની બદલી થતાં પી.આઈ આઈ.જે. ગીડાના અધ્યક્ષ સ્થાને વિદાય અપાઈ લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મી લતીફ ખાન પઠાણની બદલી નાગેશ્રી મુકામે થયેલ હોય તેમજ લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જીતુભાઈ ગંગલની બદલી સાવરકુંડલા પોલીસ સ્ટેશન ખાતે થયેલ હોય તેવી જ રીતે લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મી ગૌતમભાઈ ખુમાણની પણ બદલી સાવરકુંડલા ખાતે થતા તમામ પોલીસ કર્મીઓને સાકર પડો આપી વિદાય અપાઈ. આ તકે બદલી થયેલ તમામ પોલીસ કર્મીઓને ઉતરોતર પ્રગતિ કરો તેવી આ તકે શુભકામના લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ આઈ.જે. ગીડા તેમજ લીલીયા પોલીસ પરિવાર દ્વારા આપવામાં આવી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.




























### દુકાનદારોનો મોટો નિર્ણય

# ગુજરાતની રાશનની દુકાનોમાં ૧ જૂનથી અનાજ નહી મળે

**સરકાર સામે વિવિધ પ્રશ્નો અને માંગણીઓને મુદ્દે ૧ જુનથી રાશન દુકાનોમાં અનાજ વિતરણ ન કરવાનો નિર્ણય લેવાયો છે**

અમદાવાદ,તા.૨૯

ગુજરાતની રાશનની દુકાનોમાં ૧ જૂનથી અનાજ વિતરણ નહી કરવાનો નિરેણય દુકાનદારોએ લીધો છે. ગુજરાત ફેર પ્રાઈસ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશનની આજે બેઠક મળી હતી. જેમાં સરકાર સામે વિવિધ પ્રશ્નો અને માંગણીઓને મુદ્દે ૧ જુનથી રાશન દુકાનોમાં અનાજ વિતરણ ન કરવાનો નિર્ણય લેવાયો છે. રેશનકાર્ડ દુકાનદારોની આજે મહત્વની બેઠક મળી હતી. જેમાં ૧ જુનથી રાશન દુકાન ધારકો નહીં કરે અનાજ વિતરણ કરવાનો નિર્ણય લેવાયો છે.

અમદાવાદના વસ્રાલ ખાતે એક પાર્ટી પ્લોટમાં બેઠક મળી હતી. આ બેઠકમાં રેશન દુકાનદારો હાજર રહ્યા હતા. આ બેઠકમાં દુકાનદારોને પડતી વિવિધ મુદાઓને લઈને ચર્ચા થઈ હતી. બેઠક અંગે ફેર પ્રાઈસ શોપ એન્ડ કેરોસીન ડીલર્સ એસોસિએશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ જણાવ્યું કે, EKYC ની પ્રક્રિયા પૂર્ણ કરવામાં રાજ્ય સરકાર નિષ્ફળ રહી છે. રાજ્ય સરકાર ખોટા આંકડા જાહેર કરી રહી છે. આધાર કાર્ડ અને મતગણતરી પ્રક્રિયા સરકાર જે રીતે કરે એ પ્રમાણે EKYC પણ કરવું જોઈતું હતું. ઘરે ઘરે જઈને રેશન કાર્ડની EKYC પ્રક્રિયા પૂર્ણ કરવી જોઈએ.

તેમણે વધુમાં કહ્યું કે, રાજ્ય સરકારનો વિભાગ ફક્ત છાપામાં જાહેરાત આપે એ કેટલે અંશે યોગ્ય કહેવાય. દુકાનદારોને દબાણ કરવાથી EKYC પૂર્ણ નહીં થાય. અમે આ સામે કોર્ટમાં જઈને લડવા માટે પણ તૈયાર છીએ. રાજ્ય સરકાર EKYC પ્રક્રિયા ૧૦૦% પૂર્ણ નહીં કરે તો ૧ જૂનથી વિતરણ વ્યવસ્થા બંધ કરીશું. દુકાનદારોને મળતા ૨૦હજાર કમિશન અંગે પણ પદ્ધતિ સરકાર બદલે.

રાશનકાર્ડ દુકાનદારોની રજુઆત મુદા R kyc ની પ્રક્રિયા અટપટી છે પ્રક્રિયા માટે દુકાનદાર ને મહેનતાણું ૫ રૂપિયા મળે છે, જે ૨૫ રૂપિયા કરવા માંગ ૬ મહિનાથી E kyc કરે છે પણ હજુ સુધી વળતર અપાયું નથી સર્વરની કાયમી સમસ્યાનું કાયમી નિકાલ લાવવા માંગ ચોમાસામાં બે મહિનાનો જથ્થો લાવી વિતરણ કરવા પર દુકાનદારો જથ્થો ક્યાં રાખે તે પ્રશ્ન ૨૦ હજાર કમિશન સામાન્ય છે જે વધારવા માંગ R kyc ની મુદત વધારવા કરી માંગ R kyc ના કરવાથી જેનો અનાજ પુરવઠો બંધ કરાયો તે તત્કાલ ચાલુ કરવા માંગ

નાના બાળકો અને વૃદ્ધોના અંગૂઠા કે ફોટો ન આવતા R kyc માં પડતી હાલાકી ન થાય માટે R kyc માં રાહત આપવા અને જથ્થો શરૂ રાખવા માંગ

રેશન દુકાનોમાં આવતા અનાજના જથ્થાની બોરીમાં જે ઘટ પડે તે દૂર કરી પૂરતો જથ્થો આપવા માંગ

કોરોનામાં જાહેર કરેલ રેશન દુકાનદાર માટે ની ૨૫ લાખની સહાય પુરી પડી નથી તે પૂર્ણ કરવા માંગ

ઉલ્લેખનીય છે કે, જો તમે સરકારી રાશન કે કોઈ યોજનાનો લાભ લઈ રહ્યા છો, તો ૩૦ જૂન સુધીમાં આ કામ જરૂર કરી લેજો. સરકારે બધા રાશનકાર્ડ ધારકો માટે e-KYC એટલે કે e-Know Your Customer કરવાનું ફરજિયાત બનાવ્યું છે. તેની છેલ્લી તારીખ હવે ૩૦ જૂન ૨૦૨૫ છે. એટલે કે, હવે ફક્ત ચાર દિવસ બાકી છે. જો તમે આ તારીખ સુધીમાં e-KYC નહીં કરાવો, તો તમારું રાશનકાર્ડ રદ થઈ શકે છે. ઉપરાંત, સસ્તું કે મફત રાશન મળવાનું બંધ થઈ જશે.

### કચેરીના વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે

# સરકારી કર્મચારીઓને PMJAY યોજના હેઠળ લાભ મેળવવા માટે આવ્યા મોટા અપડેટ

**અધિકારી-કર્મચારી-પેન્શનર્સે અને તેમના કુટુંબને લાભ અપાવવા માટે આશ્રિત કુટુંબીજનોની વિગતો દર્શાવતું પ્રમાણપત્ર આપવાનું રહેશે**

અમદાવાદ,તા.૨૯

રાજ્ય સરકારના તમામ અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને PMJAY યોજના હેઠળ લાભ મેળવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી.

જેમાં અધિકારી-કર્મચારી-પેન્શનર્સે અને તેમના કુટુંબને લાભ અપાવવા માટે આશ્રિત કુટુંબીજનોની વિગતો દર્શાવતું પ્રમાણપત્ર આપવાનું રહેશે. કચેરીના વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમ નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ALL INDIA SERVICES (AIS)ના અધિકારીઓ , રાજ્ય સરકારના અધિકારી, કર્મચારી અને પેન્શનર્સ માટે ''ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના'' શરૂ કરવામાં આવી છે.

PMJAY-મા યોજના અંતર્ગત ''G'' કેટેગરીના કાર્ડ દ્વારા કુટુંબદીઠ રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર આ તમામ કર્મીઓને મળવાપાત્ર બને છે.

આરોગ્ય વિભાગ દ્વારા આ યોજના હેઠળ લાભ મેળવવા ઈચ્છતા કર્મીઓ , પેન્શનર્સ અને તેમના કુટુંબીજનો માટેની નિયત સૂચના અને માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

તદ્અનુસાર ''ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના'' (કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ) સહાય મેળવવા માટ PMJAY યોજનાનું કાર્ડ હોવું આવશ્યક છે. જે કાર્ડની ફાળવણી STATE HEALTH AGENCY(SHA) ને સોંપવામાં આવેલ છે.

રાજ્ય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનર્સના કિસ્સામાં ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ના નિયમોમાં જણાવેલ કુટુંબની વ્યાખ્યા મુજબ અને AIS ના અધિકારીઓના કિસ્સામાં તેમને લાગુ પડતા AIS(Medical Attendance) Rules, ૧૯૫૪ અંતર્ગત કુટુંબની વ્યાખ્યા મુજબની પાત્રતા ધરાવતા હોય તેવા આશ્રિત કુટુંબીજનોની વિગતો દર્શાવતુ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

AIS અને રાજ્ય સરકારના પેન્શનર્સના કિસ્સામાં પેન્શનર જે જિલ્લા તિજોરી કચેરી/ પેટા તિજોરી કચેરી/ પેન્શન ચૂકવણાં કચેરી ખાતેથી પેન્શન મેળવતા હોય તે જિલ્લાના જિલ્લા તિજોરી અધિકારી/ પેટા તિજોરી અધિકારી/ પેન્શન ચૂકવણા અધિકારી/ પગાર અને હિસાબ અધિકારી દ્વારા અથવા વિકલ્પે જે કચેરીમાંથી નિવૃત થયા હોય તે કચેરીના વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે.

ફિક્સ પગારના કર્મચારીના કિસ્સામાં નોકરીમાં નિયમિત નિમણૂંક આપ્યા વિના સેવા સમાપ્ત કરવામાં આવે અથવા કોઈ અધિકારી / કર્મચારી સેવા છોડીને જાય અથવા રાજીનામું આપે અથવા શિક્ષાત્મક કાર્યવાહીના અંતે સેવા સમાપ્તિ કરવામાં આવે અને કાર્યવાહીના અંતે સંબંધિત સરકારી અધિકારી/કર્મચારી તેને લાગુ પડતા પેન્શનના નિયમો મુજબ પેન્શનર ગણવાપાત્ર ન રહે તેવા કિસ્સામાં તેણે છેલ્લે જ્યાં ફરજ બજાવી છે તે કચેરીના વડાએ SHAને તે અંગેની સત્વરે જાણ કરવાની રહેશે.

જેના આધારે SHA દ્વારા PMJAY માં આ યોજના હેઠળના લાભાર્થી તરીકેના નામમાંથી તેઓ અને તેઓના કુટુંબના સભ્યોના નામ કમી કરવામાં આવશે.

### મેરીટ લીસ્ટ જાહેર નહીં કરાતા વિદ્યાર્થીઓનું આંદોલન

# એમ.એસ. યુનિવર્સિટીમાં દર વર્ષે એડમિશનની રામાયણ

**યુનિ. તંત્ર દ્વારા કોમર્સ ફેકલ્ટીનું મેરીટ લીસ્ટ જાહેર નહીં કરતા રોષે ભરાયેલા વિદ્યાર્થીઓનું આંદોલન શરૂ**

વડોદર,તા.૨૯

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં નવા શૈક્ષણિક દર વર્ષે એડમિશન બાબતે રામાયણ સર્જાય છે. કેમ જણાવતા હાલમાં યુનિ. તંત્ર દ્વારા કોમર્સ ફેકલ્ટીનું મેરીટ લીસ્ટ જાહેર નહીં કરતા રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ આંદોલન શરૂ કરીને જ્યાં સુધી મેરીટ લીસ્ટ જાહેર નહીં કરાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવા ચીમકી ઉચ્ચારી છે.ઉલ્લેખનીય છે કે એમ.એસ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં નવા વિદ્યાર્થીઓએ એડમિશન ફોર્મ ભર્યા હતા. પરંતુ ત્યારબાદ યુનિ તંત્ર દ્વારા મેરીટ લીસ્ટ બહાર પાડવામાં આવ્યું નથી જેથી રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ યુનિ હેડ ઓફિસ ખાતે સુત્રોચાર સહિત મેરીટ લીસ્ટની માગ કરી હતી. લોબીમાં બેસીને વિદ્યાર્થીઓએ મેરીટ લિસ્ટ જાહેર નહીં કરવા બાબતે સૂત્રોચાર શરૂ કર્યો હતો. યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીમાં લિસ્ટ જાહેર કર્યા વિના એડમિશન આપવા બાબતે યુની તંત્ર દ્વારા જણાવ્યું હતું કે, સરકારી ગાઈડલાઈન મુજબ આ પ્રથા શરૂ કરાઈ છે. જોકે આ બાબતે સરકારી પરિપત્ર બતાવવા વિદ્યાર્થીઓએ માંગ કરી ત્યારે કોઈ યોગ્ય પ્રત્યુતર અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યો ન હતો.

કોમર્સ ફેકલ્ટીમાં ૯૦થી ૯૫ ટકા જેટલા સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે પરંતુ એસ.ટી., એસ.સી, ઓબીસી કેટેગરીનું મેરીટ લીસ્ટ યુનિ. તંત્ર દ્વારા જાહેર કરવાની માગ વિદ્યાર્થીઓએ શરૂ કરી છે.

### ફિલ્મના ડિરેક્ટર લોકેશ કનગરાજ પણ ઐતિહાસિક ફી વસુલશે

# ‘કૂલી’માટે રજનીકાંતે ૧૫૦ કરોડ જેવી અધધ ફી વસૂલી

**આ ફિલ્મની ટીમ ખાસ તકેદારી રાખે છે કે તેઓ ફિલ્મની કોઈ જ માહિતી કે ફિલ્મની વાર્તા અંગે કોઈ પણ માહિતી જાહેર ન થઈ જાય**

મુંબઈ, તા.૨૯

૨૦૨૫માં જે ફિલ્મની સૌથી વધુ રાહ જોવાતી હોય તેમાં ડિરેક્ટર લોકેશ કનગરાજની ફિલ્મ ‘કૂલી’નો પણ સમાવેશ થાય છે. તેમાં સુપરસ્ટાર રજનીકાંત લીડ રોલમાં છે. હાલ આ ફિલ્મ પોસ્ટ પ્રોડક્શનના તબક્કામાં છે. આ ફિલ્મ ૧૪ ઓગસ્ટે રિલીઝ થવાની છે. અતિ વિશાળ બજેટ સાથે બની રહેલી આ ફિલ્મ સાથેની અપેક્ષાઓ પણ આકાશને આંબે એટલી ઊંચી છે. તેમાં રજનીકાંત ઉપરાંત નાગાર્જૂન, ઉપેન્દ્ર, શૌબિન સાહિર, સથ્યરાજ અને શ્રુતિ હસન સહીતના કલાકારો છે. એવી પણ ચર્ચા છે કે આ ફિલ્મમાં આમિર ખાન પણ એક કેમિયો કરવાનો છે. રજનીકાંત અને લોકેશ કનગરાજ પહેલી વખત સાથે કામ કરવાના છે, તેથી પણ તેમના ચાહકો ઘણા ઉત્સાહીત છે. જે આ પહેલાં ‘કૈથી’, ‘માસ્ટર’, ‘વિક્રમ’ અને ‘લિઓ’ જેવી ફિલ્મ બનાવી ચુક્યા છે.આ ફિલ્મની ટીમ ખાસ તકેદારી રાખે છે કે તેઓ ફિલ્મની કોઈ જ માહિતી કે ફિલ્મની વાર્તા અંગે કોઈ પણ માહિતી જાહેર ન થઈ જાય. આ ફિલ્મનું ટીઝર તાજેતરમાં રિલીઝ કરવામાં આવ્યું છે એમાં પણ કેટલીક આછેરી ઝલક મળી છે, ફિલ્મની વાર્તા વિશે બહુ ખ્યાલ આવતો નથી. ત્યારે હવે એવા અહેવાલ આવી રહ્યા છે, જેનાથી અંદાજ આવે છે કે આ ફિલ્મ કેટલી મોટા બજેટમાં બની રહી છે. તાજેતરના અહેવાલ મુજબ આ ફિલ્મ ૩૫૦ કરોડના મહાકાય બજેટ સાથે બની રહી છે. તેમાં રજનીકાંત અને કનગરાજની ફીનો પણ સમાવેશ થાય છે.



એવો અહેવાલ છે કે આ ફિલ્મ માટે રજનીકાંતે ૧૫૦ કરોડની ફી નક્કી કરી છે, જ્યારે લોકેશને આ ફિલ્મ ડિરેક્ટ કરવા માટે ૫૦ કરોડ ફી પેટે મળશે, જે કોઈ ડિરેક્ટર માટે એક ઐતિહાસિક રકમ માનવામાં આવી રહી છે. બાકીના ૧૫૦ કરોડમાં ફિલ્મની પ્રોડક્શન કોસ્ટ અને બાકીના કલાકારો અને ટેક્નિકલ ટીમના વળતરનો સમાવેશ થાય છે. આ અહેવાલો અનુસાર આ રકમમાં હજુ ફિલ્મના પ્રમોશનના ખર્ચને તો ગણવામાં જ આવ્યો નથી. તે લગભગ ૨૫ કરોડ જેટલો હોવાનો અંદાજ છે. આ ફિલ્મ મોટા બજેટમાં બનતી હોવા છતાં ફિલ્મે અત્યારથી કેટલીક કમાણી પણ કરી લીધી છે. ‘કૂલી’ના કેટલાક અધિકારો વેંચાઈ ગયા છે અને બાકીની બધી જ રકમનું વળતર થિએટરમાંથી વસુલ કરાવની ફિલ્મની ટીમની ગણતરી છે, આ ફિલ્મના ઓટીટીના અધિકારો ૧૩૦ કરોડમાં વેંચાયા છે. જ્યારે સેટેલાઈટ ડીલમાં ૯૦ કરોડ તેમજ મ્યુઝિકના રાઈટ્સમાં પ્રોડક્શન હાઉસે ૨૦ કરોડની કમાણી કરી લીધી છે.

### બાવળા ગર્ભપાત રેકેટમાં મોટો ઘટસ્ફોટ

# અમદાવાદના ડોક્ટરની ક્લિનિકમાં ગર્ભ પરીક્ષણ બાદ હોટલમાં કરાતું ગર્ભપાત

**હેમલતા બાવળાની પનામા ગેસ્ટહાઉસમાં મહિલાને બોલાવીને ગર્ભપાત કરાવતા હોવાનું સામે આવ્યું છે**

અમદાવાદ,તા.૨૯

અમદાવાદના બાવળાની પનામા હોટલમાં SOG પોલીસે દરોડો પાડીને ગેરકાયદેસર ગર્ભપાત કરાવવાના રેકેટનો પર્દાફાશ કર્યો હતો. જેમાં પોલીસે ગર્ભપાત કરનાર નર્સ હેમલતા દરજી અને ગેસ્ટહાઉસ સંચાલકની પણ ધરપકડ કરી હતી. સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ કરતાં ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાતના ખુલાસા બાદ પોલીસે અમદાવાદના એમડી રેડિયોલોજિસ્ટ ડૉક્ટરની ધરપકડ કરી છે. ગર્ભપાતના રેકેટમાં પોલીસને જાણવા મળ્યું હતું કે, અમદાવાદના ડૉક્ટરની ક્લિનિકમાં પહેલા ગર્ભ પરીક્ષણ થતુ હતું. ત્યારબાદ બાવળાના ગેસ્ટ હાઉસમાં ગર્ભપાત કરવામાં આવતું હતું. સમગ્ર મામલે બાવળા SOGએ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બાવળાની હોટલમાં ગર્ભપાતના રેકેટ મામલે પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, અમદાવાદમાં સોનીની ચાલી ખાતે આશીર્વાદ હોસ્પિટલ ચલાવતો એમડી રેડિયોલોજિસ્ટ ડોક્ટર હર્ષદ આચાર્ય અને આરોપી હેમલતા છેલ્લા ત્રણ વર્ષી ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાતનો ગોરખધંધો ચલાવતા હતા. સૌપ્રથમ હર્ષદ આચાર્ય હોસ્પિટલમાં મહિલાની સોનોગ્રાફી કરીને ગર્ભ પરીક્ષણ કરતો હતો અને પછી હેમલતા બાવળાની પનામા ગેસ્ટહાઉસમાં મહિલાને બોલાવીને ગર્ભપાત કરાવતા હોવાનું સામે આવ્યું છે.

આરોપી હેમલતા અને હર્ષદ આચાર્ય બંને છેલ્લા ૧૫ એકબીજાના પરિચયમાં હતા અને બાળવા અને ધોળકા ખાતેની બ્રિન્દા હોસ્પિટલમાં એક સાથે કામ કરે છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે, હેમલાત ગર્ભપાત કરાવવા આવતી મહિલા પાસેથી ૧૫૦૦૦ રૂપિયા લેતી અને તેમાંથી ૮૦૦૦ ગર્ભ પરીક્ષણ કરતાં હર્ષદ આચાર્યને આપતી હતી.બાવળા એસઓજીના પોલીસ અધિકારીઓને બાતમી મળી હતી કે, નર્સ હેમલતા દરજી ગેરકાયદે ગર્ભપાત કરાવવાનું કૃત્ય કરી રહી છે. બાવળાની સાણંદ ચોકડી પાસે આવેલી પનામા હોટલમાં એક ગર્ભપાતની ક્રિયા ચાલું હોવાની બાતમીના આધારે પોલીસે તાલુકા આરોગ્ય ટીમ સાથે સંકલન કરી સાથે એસઓજીએ પનામા હોટલમાં રેડ કરી હતી. હોટલના રૂમ નંબર ૧૦૫માંથી ગર્ભપાત કરનાર નર્સ હેમલતા દરજી, ગર્ભપાત કરાવનાર મહિલા અને મદદ કરનારા નણંદ એમ ત્રણ લોકોને ભ્રુણ સાથે પડડી પાડવામાં આવ્યાં હતાં. પોલીસને હોટલના રૂમમાંથી ગર્ભપાત માટે વપરાતી દવાની ટેબલેટ પણ મળી આવી હતી.

### ચોમાસાની વિધિવત એન્ટ્રી

# વડોદરામાં વહેલી સવારથી ખાબકેલા વરસાદથી ગરમીમાં આંશિક રાહત

**ઉનાળાની પ્રતિ વર્ષ કરતા ગરમીનો પારો ઉંચાઈ જતા લોકો ત્રાહિમામ ગરમીથી હેરાન પરેશાન થઈ ગયા હતા**

વડોદરા,તા.૨૯

ઉનાળાની ત્રાહિમામ ગરમીમાં આજે વહેલી સવારે મેઘરાજાની પધરામણી થતા શહેરીજનોએ ગરમીમાં હાશકારો લીધો હતો. ભર ઉનાળામાં રાત્રિના સમયે કમોસમી ભારે વરસાદ થતાં જાણે કે મોસમના પ્રથમ વરસાદની એન્ટ્રી થઈ ગઈ હોય તેવી પરિસ્થિતિ સર્જાઇ હતી. ઉનાળાની પ્રતિ વર્ષ કરતા ગરમીનો પારો ઉંચાઈ જતા લોકો ત્રાહિમામ ગરમીથી હેરાન પરેશાન થઈ ગયા હતા.

ભર બપોરે ઉનાળાની ગરમીમાં કામ વિના બહાર નીકળવાનું સૌ કોઈ ટાળતા હતા. ઉપરાંત ચાતક નજરે મેઘરાજાની રાહ જોઈ રહ્યા હતા. ગત સપ્તાહે પડેલા ગાજવીજ સાથેના કમોસમી વરસાદે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. પરંતુ આ વર્ષે ચોમાસુ વહેલું હોવાની થયેલી આગાહી મુજબ આજે વહેલી સવારે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા શહેરીજનોએ ત્રાહિમામ ગરમીમાં રાહત મેળવી હતી.વરસાદને કારણે વડોદરા શહેરના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા જેથી લોકોમાં આક્રોશ હતો કે પ્રિમોન્સૂનની કામગીરી યોગ્ય રીતે થઈ નથી અને વરસાદ કોર્પોરેશનની પરીક્ષા લઈ રહ્યું છે છતાં કોર્પોરેશન તેનો યોગ્ય નિકાલ લાવતું નથી જેને કારણે લોકોને આગામી ચોમાસામાં હજી વધુ હેરાન પરેશાન થતા રહેવું પડશે તેવી પરિસ્થિતિ સર્જાશે.

### મમતા બેનરજીની મોદીને ચેલેન્જ

# હિંમત હોય તો આવતીકાલે જ ચૂંટણી મેદાને આવો

**મમતા બેનર્જીએ કહ્યું કે,વડાપ્રધાન મોદીએ જે કહ્યું તેનાથી અમને આઘાત લાગ્યો છે અને તે સાંભળવું દુર્ભાગ્યપૂર્ણ**

કોલકાતા, તા.૨૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ TMC સરકાર પર પ્રહાર કરનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે, બંગાળ વિરુદ્ધ નિવેદનબાજી યોગ્ય નથી. ઓપરેશન સિંદૂર અને પહેલગામ આતંકી હુમલા અંગે મમતા બેનર્જીએ કહ્યું કે,‘વડાપ્રધાન મોદીએ જે કહ્યું તેનાથી અમને આઘાત લાગ્યો છે અને તે સાંભળવું દુર્ભાગ્યપૂર્ણ પણ છે.’ મમતાએ કહ્યું કે, ‘સમગ્ર વિપક્ષ દુનિયામાં દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે અને દેશના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે એક સાહસિક પગલું ભરી રહ્યા છે, પરંતુ શું વડાપ્રધાન અને તેમના નેતાઓ માટે એવું કહેવાનો સમય આવી ગયો છે કે, તેઓ ઓપરેશન સિંદૂરની જેમ ઓપરેશન બંગાળ પણ કરશે. હું તેમને પડકાર ફેંકું છું કે, જો તેમનામાં હિંમત હોય તો કાલે ચૂંટણી મેદાનમાં આવે, અમે તૈયાર છીએ અને બંગાળ તમારા પડકારને સ્વીકારવા તૈયાર છે. અમારા પ્રતિનિધિ અભિષેક બેનર્જી પણ વિદેશ ગયેલા પ્રતિનિધિમંડળની ટીમમાં છે અને તેઓ દરરોજ આતંકવાદ વિરુદ્ધ બોલી રહ્યા છે.’ તેમણે કહ્યું કે, ‘વડાપ્રધાન મોદી જુઠ્ઠું બોલી રહ્યા છે. તેઓ દેશને લૂંટે છે અને ભાગી જાય છે. આવી વાત કરવી સારી નથી. હું ઓપરેશન સિંદૂર પર કોઈ ટિપ્પણી કરવા માંગતી નથી, પરંતુ યાદ રાખ જો દરેક મહિલાનું સન્માન હોય છે. જ્યારે અમે આતંકવાદ સામે કેન્દ્રને સમર્થન આપી રહ્યા છીએ ત્યારે વડાપ્રધાન પશ્ચિમ બંગાળની ટીકા કરી રહ્યા છે. તેમની નીતિ ભાગલા પાડો અને રાજ કરો જેવી છે. કેન્દ્રએ રાજકીય હેતુઓથી ઓપરેશન સિંદૂર નામ આપ્યું છે.’

અલીપુરદ્વારમાં એક જાહેર સભાને સંબોધતા વડાપ્રધાને કહ્યું હતું કે, ‘બંગાળની પ્રજાને હવે TMC સરકારની વ્યવસ્થામાં વિશ્વાસ રહ્યો નથી. અહીંની પ્રજા પાસે માત્ર કોર્ટનો જ સહારો છે, તેથી આખું બંગાળ કહી રહ્યું છે કે, ‘બંગાલ મે મચી ચીખ-પુકાર, નહીં ચાહિએ નિર્મમ સરકાર.’

### યુદ્ધની સ્થિતિ અંગે લોકોને કરાશે જાગૃત

# ગુજરાત સહિતના રાજ્યોમાં ૩૧ મેના રોજ યોજાશે મોક ડ્રીલ

**આગામી તારીખ ૩૧ મે ૨૦૨૫ના રોજ ફરી એકવાર નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરવામાં આવશે**

નવી દિલ્હી, તા.૨૯

જમ્મુ કાશ્મીરના પહેલગામ આતંકી હુમલા બાદ ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી હતી.

આ દરમિયાન ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિને લઈને ગુજરાત સહિત દેશના અનેક જિલ્લામાં મોક ડ્રીલ થઈ હતી. જ્યારે સરહદ પર સીઝફાયર બાદ સિવિલ ડિફેન્સે ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં ફરી મોક ડ્રીલ યોજવાનો નિર્ણય કર્યો છે. મોક ડ્રીલભારત સરકારના આદેશ હેઠળ ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં આગામી તારીખ ૩૧ મે ૨૦૨૫ના રોજ ફરી એકવાર નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરવામાં આવશે. ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદ દુશ્મન દેશ તરફથી થતા કોઈપણ સંભવિત હુમલા સામે ટક્કર ઝીલવા આગોતરી તૈયારીના ભાગરૂપે ગુજરાતના દરેક જિલ્લામાં મોક ડ્રીલનું આયોજન થશે. પાકિસ્તાનથી જોડાયેલા ગુજરાત સહિત સરહદી રાજ્યોમાં રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ચંડીગઢ અને જમ્મુ કાશ્મીરમાં ’ઓપરેશન શિલ્ડ’ મોક ડ્રીલ યોજવાનો નિર્ણય કરાયો છે. આ અગાઉ ભારત સરકારના આદેશ હેઠળ ગુજરાત સહિત કેટલાક રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરમાં ૨૯ મે ૨૦૨૫ના રોજ મોક ડ્રીલ કરવાનું આયોજન કરાયું હતું. પરંતુ આ એક્સસાઈઝ વહીવટી કારણોસર મોકૂફ રખાઈ હતી. ત્યારબાદ આજે નવી તારીખની જાહેરાત કરી દેવાઈ છે.

### GPSCનો મોટો નિર્ણય

# નાયબ ખેતી નિયામક વર્ગ-૧ની પરીક્ષા રદ, મદદનીશ ખેતી નિયામક વર્ગ-૨ની પરીક્ષા રાખી મુલતવી

**પરીક્ષામાં એક જ પુસ્તકમાંથી હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેના કારણે બધા ઉમેદવારોને એકસરખી તક મળતી નહોતી**

અમદાવાદ,તા.૨૯

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વધુ એક પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નાયબ ખેતી નિયામક, વર્ગ-૧ ની પરીક્ષા રદ કરાઈ હોવા અંગે GPSC દ્વારા સત્તાવાર નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. આ સાથે જ, મદદનીશ ખેતી નિયામક, વર્ગ-૨ ની પરીક્ષા પણ મુલતવી રાખવામાં આવી છે. આ નિર્ણય પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નોને લઈને ઉમેદવારો દ્વારા કરવામાં આવેલી રજૂઆત બાદ લેવામાં આવ્યો છે. ઉમેદવારોનું કહેવું હતું કે, પરીક્ષામાં એક જ પુસ્તકમાંથી હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેના કારણે બધા ઉમેદવારોને એકસરખી તક મળતી નહોતી. આ બાબતને ધ્યાનમાં રાખીને અને ઉમેદવારોને સમાન તક મળે તે હેતુથી GPSC દ્વારા આ પરીક્ષા રદ કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો છે.

હવે, આગામી ૨૮ ઑગસ્ટ, ૨૦૨૫ ના રોજ આ બંને ભરતીની સંયુક્ત પરીક્ષા યોજવામાં આવશે. આ નિર્ણયથી ઉમેદવારોને તૈયારી માટે વધુ સમય મળશે અને પરીક્ષા પ્રક્રિયામાં પારદર્શિતા જળવાઈ રહેશે તેવી અપેક્ષા છે.

### હિંમતનગર સરકારી સ્કૂલનો ડંકો વાગ્યો

# સરકારી સ્કૂલના વિદ્યાર્થીએ દુબઈમાં પાકિસ્તાન સહિત ૧૭ દેશોના બાળકોને હરાવ્યા

**ગણિતના દાખલા ગણવાની સ્પર્ધામાં ૧૫૦ દાખલા તેણે સાડા પાંચ મિનિટમાં પૂર્ણ કરી પ્રથમ ઇનામ પોતાના અને દેશના નામે કર્યું છે**

હિંમતનગર,તા.૨૯

આજના ડિજિટલ યુગમાં સરકારી શાળાના વિદ્યાર્થીઓ કોઈ ક્ષેત્રમાં આગળ વધતા નહીં હોવાની લોકોની માન્યતા છે. આ માન્યતાને ખોટી પાડતા હિંમતનગરના ચોથા ધોરણમાં ભણાતા એક બાળકે દુબઈ ખાતે યોજાયેલી ઈન્ટરનેશનલ સ્પર્ધામાં ભાગ લઈ ગુજરાત અને ભારત સહિત પોતાની સરકારી શાળાનો ડંકો વગાડી પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. ૧૫૦ દાખલા તેણે સાડા પાંચ મિનિટમાં પૂર્ણ કર્યા

પ્રાપ્ત વિગતો પ્રમાણે હિંમતનગર તાલુકાની ગામડી પ્રાથમિક શાળામાં ચોથા ધોરણમાં અભ્યાસપૂર્ણ કરીને પાંચમા ધોરણમાં પ્રવેશેલો શોર્યવીર સિંહે દુબઈ ખાતે યોજાયેલી મેથેલો જીનીયસ પરીક્ષામાં પાકિસ્તાન, ઉઝબેકિસ્તાન,તુર્કી,ચીન,કેનેડા સહિતના ૧૭ દેશોના બાળકોને હરાવીને ભારતનો ડંકો વગાડી પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.ગણિતના દાખલા ગણવાની સ્પર્ધામાં ૧૫૦ દાખલા તેણે સાડા પાંચ મિનિટમાં પૂર્ણ કરી પ્રથમ ઈનામ પોતાના અને દેશના નામે કર્યું છે.આ વિદ્યાર્થીએ દુબઈ ખાતે યોજાયેલી સ્પર્ધામાં ૫૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓ સાથેની સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ ક્રમાંકે આવ્યો છે.

આ વિદ્યાર્થીએ ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સહિત વાલીઓને સરકારી શાળાનો અભ્યાસ અને શિક્ષણ બાબતેની માન્યતા અંગેનો જાગતો પુરાવો આપ્યો છે. હિંમતનગર તાલુકાની ગામડી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા શોર્યવીરસિંહ રાણાને ગણિતમાં વધુ રસ હતો માટે તેને હિંમતનગર ખાતે એક ખાનગી ક્લાસીસમાં પણ મૂકવામાં આવ્યો હતો. જેમાં માત્ર એક વર્ષમાં તેણે નાગપુર ખાતે નેશનલ,વિસનગર ખાતે ઝોનલ અને સૌથી કઠિન ગણાતી લિમ્કા અબાકસ મેથેલો જીનીયસ સ્પર્ધા જે દુબઈ ખાતે યોજાઈ હતી તેમાં સેકન્ડ લેવલમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

એક તબક્કે ત્યાં આવેલા ૫૦૦ થી વધુ બાળકોને જોઈને તેના માતા અને પિતા હિંમત હાર્યા હતા.પરંતુ આ બાળકે તે તમામ બાળકોને હરાવીને પ્રથમ ક્રમાંક મેળવતા તેના માતા પિતા સાથે તેમના મિત્રો પણ ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે.આવનાર સમયમાં બાળકને અન્ય સ્પર્ધામાં પણ ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. ખાનગી શાળાઓ ભલે બહાર ઝાકમઝાળ કરતી હોય પરંતુ ખરું શિક્ષણ ગામડી પ્રાથમિક શાળા જેવી સરકારી શાળાઓમાં મળી રહે છે.આ વાત શૌર્યવીર રાણાએ દુબઈ જઈને સાબિત કરી બતાવી છે.

### રાજકોટમાં વધુ ૫ કેસ નોંધાયા

# ગુજરાતમાં કોરોના વાયરસના સંક્રમિતોનો આંકડો વધ્યો

## ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ કેસ સામે આવ્યા

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં કોરોના કેસો ધીરેધીરે બેવડી સદી તરફ આગળ વધી રહ્યાં છે, રાજકોટમાં પણ કોરોના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. શહેરમાં એક જ દિવસમાં ૬ કેસ સામે આવતા અને તેમાં ૬ માસનું એક બાળક પણ સંક્રમિત થતાં આરોગ્ય તંત્રમાં ચિંતા વ્યાપી છે. આ ઉપરાંત ભાવનગરમાં કોરોનાના વધુ બે કેસ તેમજ જામનગર અને જૂનાગઢમાં એક-એક કેસ સામે આવ્યાં છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ કોરોનાના કેસ સામે આવ્યા છે. એક પછી એક શહેરમાંથી કોરોનાના નવા કેસ નોંધાઈ રહ્યા છે. અમદાવાદ, સુરત બાદ ફરી એકવાર રાજકોટમાં જ કોરોનાના કેસ નોંધાયા હોવાનું સામે આવ્યું છે. રાજકોટમાં નોંધાયેલા ૬ કેસોમાં રામપાર્કમાં ૨૫ વર્ષીય મહિલા, સદગુરુનગરમાં ૬ માસનું બાળક તેમજ ૩૨ વર્ષીય પુરુષ, બસ સ્ટેશન પાસેના વિસ્તારમાં ૨૬ વર્ષીય પુરુષ, જીવરાજ પાર્કમાં ૬૭ વર્ષીય પુરુષ તેમજ મંગલ પાર્કમાં ૨૬ વર્ષીય પુરુષનો સમાવેશ થાય છે.

આ તમામ દર્દીઓ હાલ આઈસોલેશનમાં છે અને તેમની તબીયત સ્થિર છે. રાજકોટ જિલ્લામાં પણ એક કેસ પોઝીટીવ આવ્યો છે. આ સાથે જ શહેર-જિલ્લામાં કોરોનાના કુલ કેસ ૧૧ થઈ ચૂક્યાં છે. સુરતમાં કોરોના કેસમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. સુરતમાં વધુ બે કોરોના પોઝિટિવ કેસ આવતા હડકંપ મચી જવા પામ્યો છે. નાનપુરાના ૩૦ વર્ષીય યુવક અને ઘોડદોડ રોડની ૬૪ વર્ષીય વૃદ્ધાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

કોરોનાના કેસનો આંક હવે વધીને ૧૯૦ થઈ ગયો છે. જેમાં સૌથી વધુ ૧૩૧ કેસ માત્ર અમદાવાદમાંથી છે. ગુજરાતમાં ૧૯ મેના કોવિડ પોઝિટિવનો આંક ૭ હતો. આમ, ૧૦ દિવસમાં કોવિડ પોઝિટિવનો આંક ૧૮૩ જેટલો વધી ગયો છે. કોવિડ પોઝિટિવ દર્દીમાં કયો વેરિયન્ટ છે તેની ચકાસણી કરવામાં આવી રહી છે. અત્યારસુધી સત્તાવાર રીતે માત્ર એક દર્દીમાં નવો વેરિયન્ટ મળી આવ્યો છે. રાહતની વાત એ પણ છે કે, કોવિડના મોટાભાગના દર્દી હાલ ઘરમાં જ સારવાર હેઠળ છે.

### ICCએ અચાનક કરી ટેસ્ટ રેન્કિંગની જાહેરાત

# જો રૂટ ટેસ્ટ રેન્કિંગમાં વિશ્વનો નંબર-૧ બેટ્સમેન બન્યો

## જો રૂટ ૮૮૮ રેટિંગ પોઈન્ટ સાથે ટેસ્ટ રેન્કિંગમાં ટોપ પર હેરી બ્રુક ૮૭૩ રેટિંગ પોઈન્ટ સાથે બીજા નંબરે

નવી દિલ્હી, તા. ૨૯

ICC દ્વારા નવી ટેસ્ટ રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. ICC ટેસ્ટ રેન્કિંગમાં ઈંગ્લેન્ડના ટોપ-ઓર્ડરને ઘણો ફાયદો થયો છે. ઈંગ્લેન્ડના મહાન બેટ્સમેન જો રૂટ ટેસ્ટ રેન્કિંગમાં વિશ્વનો નંબર-૧ બેટ્સમેન બન્યો છે. નોટિંગહામમાં ઝિમ્બાબ્વે સામેની એકમાત્ર ટેસ્ટમાં ૫૮ રનની ઈનિંગ રમી હતી.

ઈંગ્લેન્ડના મહાન બેટ્સમેન જો રૂટ ૮૮૮ રેટિંગ પોઈન્ટ સાથે ટેસ્ટ રેન્કિંગમાં ટોપ પર છે. હેરી બ્રુક ૮૭૩ રેટિંગ પોઈન્ટ સાથે બીજા નંબરે છે. ત્રીજા નંબરે કેન વિલિયમસન (૮૬૭), ચોથા નંબરે યશસ્વી જયસ્વાલ (૮૪૭) અને પાંચમા નંબરે સ્ટીવ સ્મિથ (૮૨૩) છે. ટ્રેન્ટ બ્રિજ ખાતે રમાયેલી ટેસ્ટ મેચમાં જેક ક્રોલી (૧૨૪), બેન ડકેટ (૧૪૦) અને ઓલી પોપ (૧૭૧) એ જોરદાર સદીઓ ફટકારી હતી, જેનો તેમને ટેસ્ટ રેક્કિંગમાં ફાયદો થયો હતો.

બેન ડકેટ બે સ્થાનનો ફાયદો થયો છે. તે હાલમાં ૧૩મા સ્થાને છે. ઓલી પોપ છ સ્થાનના ફાયદા સાથે ૨૨મા ક્રમે પહોંચી ગયો છે અને જેક ક્રોલી આઠ સ્થાનના ફાયદા સાથે ૩૩મા ક્રમે પહોંચી ગયો છે. ઈંગ્લેન્ડની ટીમ ભારત સામે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી સાથે તેના નવા ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અભિયાનની શરૂઆત કરશે. ઝિમ્બાબ્વેને ઈંગ્લેન્ડ સામે ઈનિંગ્સ અને ૪૫ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતનો ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ટીમના ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા વિશ્વનો નંબર-૧ ટેસ્ટ બોલર તરીકે યથાવત છે, જ્યારે એટકિન્સન પણ ટેસ્ટ ઓલરાઉન્ડરોની યાદીમાં એક સ્થાન ઉપર આવીને સાતમા સ્થાને પહોંચી ગયો છે. રવિન્દ્ર જાડેજા હાલમાં વિશ્વનો નંબર-૧ ટેસ્ટ ઓલરાઉન્ડર છે.

વ્હાઈટ-બોલ ક્રિકેટમાં પણ રેક્કિંગમાં થોડો ફેરફાર થયો છે. વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેન કેસી કાર્ટીએ તાજેતરની ODI બેટ્સમેનોની યાદીમાં ૨૦ સ્થાનની છલાંગ લગાવીને ૧૬મા સ્થાને પહોંચી ગયો છે. તેણે તાજેતરમાં આયર્લેન્ડ સામેની ત્રીજી મેચમાં શાનદાર ૧૭૦ રનની ઈનિંગ્સ રમી હતી. આયર્લેન્ડના એન્ડ્રૂ બાલ્બિર્ની ૮ સ્થાનના ફાયદા સાથે ૪૮મા ક્કમે પહોંચી ગયો છે.

### પોલીસે કરી ધરપકડ

# પાકિસ્તાન માટે જાસૂસી કરતો હતો કોંગ્રેસના પૂર્વ મંત્રીનો પીએ

## શકુર ખાન રાજસ્થાનની કોંગ્રેસ સરકારમાં મંત્રી રહેલા સાલે મોહમ્મદના અંગત સચિવ પણ રહી ચૂક્યો છે

જેસલમેર, તા. ૨૯

ગુપ્તચર એજન્સીઓએ રાજસ્થાનના સરહદી જિલ્લા જેસલમેરમાં એક સરકારી કર્મચારીની વ્યૂહાત્મક અને ગુપ્ત માહિતી આપવાના આરોપસર ધરપકડ કરી છે. ચાલો જાણીએ કે શકુર ખાન ઉર્ફે શકુરિયા કોણ છે અને તે ISIનો પ્યાદો કેવી રીતે બન્યો? આ વાર્તા ફક્ત એક જાસૂસ વિશે નથી, તે એવા દેશદ્રોહીઓ વિશે છે જેઓ સિસ્ટમમાં ઘૂસી ગયા છે અને દેશનો રોટલો ખાય છે પણ પાકિસ્તાનનું મીઠું ખાય છે.

જૈસલમેર રાજસ્થાનનો તે વિસ્તાર છે જ્યાં ધગધગતી ગરમી હોય છે, રેતી ઉડે છે અને આપણા સૈનિકો સરહદ પર પોતાનો જીવ દાવ પર લગાવીને ઉભા રહે છે. આ જમીન પરથી એક સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

રોજગાર વિભાગના સરકારી કર્મચારી શકુર ખાન ઉર્ફે શકુરિયા. ધરપકડ બાદ તેને પોલીસ જીપમાં જયપુર લઈ જવામાં આવ્યો હતો. શકુર ખાન પર છેલ્લા ઘણા વર્ષોથી પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI સાથે સંપર્કમાં હોવાનો આરોપ છે. થોડા રૂપિયા માટે, તે ભારતની ગુપ્ત માહિતી, સરહદી ચોકીઓ વિશેની માહિતી, સૈનિકોની તૈનાતીનો ડેટા, બધું જ પાકિસ્તાનને મોકલી રહ્યો હતો. કલ્પના કરો, રોજગાર વિભાગમાં કામ કરતો એક સરકારી કર્મચારી દેશ વેચી રહ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે શકુર ખાન રાજસ્થાનની કોંગ્રેસ સરકારમાં મંત્રી રહેલા સાલે મોહમ્મદના અંગત સચિવ પણ રહી ચૂક્યો છે. હવે પ્રશ્ન એ છે કે શું ભૂતપૂર્વ મંત્રીને તેના દુષ્કૃત્યો વિશે કોઈ ખ્યાલ હતો. શું આ ફક્ત એક કર્મચારીનો ખેલ છે કે કોઈ મોટા નેટવર્કનો? તે જ સમયે, રાજકીય ગલિયારામાં કેટલા શકુર છુપાયેલા છે તે પણ એક મોટો પ્રશ્ન છે. અત્યાર સુધીની તપાસમાં, પોલીસને શકુર ખાન વિરુદ્ધ પાકિસ્તાની જાસૂસ તરીકે કામ કરતા ઘણા પુરાવા મળ્યા છે, જેમાં પાકિસ્તાની નંબરો સાથે ચેટિંગ, પૈસાના વ્યવહારોના પુરાવાનો સમાવેશ થાય છે.

### કહ્યું- એકપણ પ્રોજેક્ટ સમયસર પૂરો નથી થતો

# વાયુસેના પ્રમુખે રાજનાથ સિંહની હાજરીમાં જ નારાજગી વ્યક્ત કરી

## વાયુસેનાના વડાના જણાવ્યા મુજબ, વિલંબથી તેજસ MK1A ફાઇટર એરક્રાફ્ટ સહિત અનેક મોટા પ્રોજેક્ટ્સ પર અસર પડી

નવી દિલ્હી, તા. ૨૯

ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે ગુરુવારે (૨૯ મે, ૨૦૨૫) દિલ્હીમાં આયોજિત CII વાર્ષિક વ્યાપાર સમિટને સંબોધતા ભારતની સંરક્ષણ ખરીદીમાં જવાબદારી અને તત્પરતાની માંગ કરી છે. મુખ્ય સંરક્ષણ ખરીદી પ્રોજેક્ટ્સમાં વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે ઘણી વખત એવું બન્યું છે કે કરાર પર હસ્તાક્ષર કરતી વખતે આપણે જાણીએ છીએ કે આ સિસ્ટમો ક્યારેય આવશે નહીં. એર ચીફ માર્શલે નારાજગી વ્યક્ત કરી અને કહ્યું કે સમયરેખા એક મોટો મુદ્દો છે. એક પણ પ્રોજેક્ટ ક્યારેય સમયસર પૂર્ણ થયો નથી. તેમણે કહ્યું કે જ્યારે કોઈ પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થતો નથી, તો પછી દર વખતે વચનો શા માટે આપવામાં આવે છે? તેમણે સંરક્ષણ પ્રણાલીઓમાં વિલંબના ઘણા કિસ્સાઓનો ઉલ્લેખ કર્યો, ખાસ કરીને સ્વદેશી પ્રોજેક્ટ્સમાં વિલંબના મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો.

હવાઈ દળના વડાએ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) કાર્યક્રમનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેજસ Mk-1A ફાઇટર જેટની ડિલિવરી અટકી ગઈ છે, જે ફેબ્રુઆરી ૨૦૨૧માં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) સાથે થયેલા ૪૮,૦૦૦ કરોડ રૂપિયાના કરાર હેઠળ છે. તેમણે માહિતી આપી કે ઓર્ડર કરાયેલા ૮૩ વિમાનોમાંથી, અત્યાર સુધી એક પણ વિમાન ડિલિવર થયું નથી, જ્યારે ડિલિવરી માર્ચ ૨૦૨૪માં શરૂ થવાની હતી.

હવાઈ દળના વડાના જણાવ્યા મુજબ, વિલંબથી તેજસ Mk1A ફાઈટર એરક્રાફ્ટ સહિત અનેક મુખ્ય પ્રોજેક્ટ્સ પર અસર પડી છે. એર ચીફ માર્શલ સિંહે કહ્યું કે તેજસ સર નો પ્રોટોટાઈપ હજુ સુધી રોલઆઉટ થયો નથી. સ્ટીલ્થ AMCA ફાઈટરનો કોઈ પ્રોટોટાઈપ હજુ સુધી નથી.

હવાઈ દળના વડા માર્શલની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે વાયુસેના સરકારની આત્મનિર્ભર ભારત પહેલ હેઠળ ઝડપી સ્વદેશીકરણ અને સ્થાનિક ક્ષમતા માટે દબાણ કરી રહી છે. તેમણે કહ્યું કે આપણે ભારતમાં ફક્ત ઉત્પાદન વિશે વાત કરી શકતા નથી, આપણે ડિઝાઈનિંગ વિશે પણ વાત કરવી જોઈએ. આપણને સેના અને ઉદ્યોગ વચ્ચે વિશ્વાસની જરૂર છે. તેમણે કહ્યું કે આપણે અત્યારથી જ ભવિષ્ય માટે તૈયારી કરવી પડશે. ૧૦ વર્ષમાં આપણે ઉદ્યોગમાંથી વધુ ઉત્પાદન મેળવીશું, પરંતુ આજે આપણને જેની જરૂર છે, તે આજે જ જોઈએ છે. આપણે શક્ય તેટલી ઝડપથી આપણું કાર્ય પૂર્ણ કરવાની જરૂર છે. તેમણે વધુમાં કહ્યું કે સેનાઓને સશક્ત બનાવીને યુદ્ધો જીતી શકાય છે. આ સમિટમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ પણ હાજર હતા.

### માછીમારોને ચેતવણી

# ગુજરાતના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થશે

## અપરએર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે તેની અસરથી ગુજરાતમાં વરસાદ થવાની સંભાવના

અમદાવાદ, તા. ૨૯

ગુજરાતના હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદની સ્થિતિ કેવી રહી શકે છે તે અંગે માહિતી આપવામાં આવી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર એકે દાસ દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. એકે દાસ જણાવે છે કે, આજના દિવસે રાજ્યમાં હળવા વરસાદની શક્યતાઓ છે, જેની સાથે થંડરસ્ટોર્મ એક્ટિવિટી, ૪૦-૫૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાશે અને વીજળીના કડાકા થવાની શક્યતાઓ છે. ગુજરાતના ઘણાં ભાગોમાં પાછલા દિવસે પલટો આવ્યો હતો, જેમાં અમદાવાદ સહિત મધ્ય ગુજરાતમાં પણ મોડી રાત્રે વરસાદી ઝાપટાં થયા હતા. ૭ દિવસના હવામાનમાં રાજ્યમાં હળવાથી સામાન્ય છૂટાછવાયા ઝાપટાં થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવનાઓ છે.

ગુજરાતમાં આજના દિવસે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત તથા પૂર્વના ભાગોમાં વરસાદ થવાની સંભાવનાઓ જોવાઈ રહી છે. જેમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી અને સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવનો સમાવેશ થાય છે. એકે દાસ જણાવે છે કે, આજના દિવસે પણ રાજ્યમાં વરસાદની સ્થિતિ યથાવત રહેવાની સંભાવનાઓ છે. રાજ્યમાં છૂટોછવાયો વરસાદ થવાની શક્યતાઓ છે. ૩૦મીથી ૪ જૂન સુધી વરસાદ રહેવાની શક્યતાઓ છે. જેમાં મોટાભાગના દક્ષિણ ગુજરાતના તથા દક્ષિણ સૌરાષ્ટ્રના જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ સાથે ૩૦મી મેથી ૧ જૂન સુધી માછીમારો માટે ચેતવણી આપવામાં આવી છે, જેમાં ત્રણ દિવસ ગુજરાતના તમામ દરિયાકાંઠાનો સમાવેશ થાય છે, જ્યારે તે પછી આ પછી ઉત્તર ગુજરાતના દરિયાકાંઠાના ભાગો માટે ચેતવણી આપવામાં આવી છે. પશ્ચિમ રાજસ્થાન પર અપરએર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે તેની અસરથી ગુજરાતમાં વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સિવાય એક ટ્રફ લાઈન પસાર થઈ રહી છે તેની પણ અસર ગુજરાત પર થઈ રહી છે.

### એર ચીફ માર્શલ ઓપરેશન સિંદૂર બાદ પહેલીવાર જાહેરમાં બોલ્યા

# પ્રાણ જાય પર વચન ના જાય, એક વાર કમિટ કર્યા બાદ પાછો નથી હટતો

## આપણે સંરક્ષણ દળોને મજબૂત કરવા માટે સમાન અભિગમનો ઉપયોગ કરવો પડશે : તે ફક્ત આખા રાષ્ટ્રનો અભિગમ નથી, આપણે આખા રાષ્ટ્રના મિશન મોડમાં કામ કરવું પડશે

નવી દિલ્હી, તા. ૨૯

ઓપરેશન સિંદૂર બાદ એર ચીફ માર્શલ એપી સિંહ પહેલીવાર સીઆઈઆઈના બિઝનેસ સમિટમાં જાહેરમાં આવ્યા હતા. સીઆઈઆઈના બિઝનેસ સમિટને સંબોધતા એર ચીફ માર્શલ એપી સિંહે રામાયણની સુપ્રસિદ્ધ પંક્તિને ટાંકતા કહ્યું હતું કે, પ્રાણ જાય પર વચન ના જાય. અન્ય એક વિષયને લઈને સંબોધન દરમિયાન તેમણે કહ્યું કે, એક વાર કમિટ કરી દીધા પછી હુ મારી પોતાની પણ વાત પણ માનતો નથી.

ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે, આજે ગુરુવારે સીઆઈઆઈ બિઝનેસ સમિટને સંબોધી હતી. તેમણે ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આપણને હવે સ્પષ્ટ ખ્યાલ આવ્યો છે કે આપણે ઓપરેશન સિંદૂરથી કઈ દિશામાં જઈ રહ્યા છીએ અને ભવિષ્યમાં આપણને શું જોઈએ છે. તેથી, આપણે આપણી વિચાર પ્રક્રિયાઓને ફરીથી ગોઠવવા માટે ઘણું કામ કરવાની જરૂર છે, જે પહેલાથી જ ચાલી રહી છે.

તેમણે કહ્યું કે તેમણે જે પણ કરવાનું વચન આપ્યું છે, તે તેઓ કરશે. એર ચીફ માર્શલે કહ્યું કે ઓપરેશન સિંદૂર, જેમ કે નેવી ચીફે કહ્યું હતું, યુદ્ધનું પાત્ર બદલી રહ્યું છે. આ દરમિયાન, એર ચીફ માર્શલે સલમાન ખાનની ફિલ્મનો એક સંવાદ પણ બોલ્યો.

એર ચીફ માર્શલે કહ્યું- એકવાર આપણે પ્રતિબદ્ધ થઈ જઈએ છીએ, પછી હું પોતાનું પણ સાંભળતો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઓપરેશન સિંદૂર દરમિયાન પ્રેસ બ્રિફિંગમાં પણ ડીજીએમઓ એ પણ પાકિસ્તાનના એરબેઝ ઉપર હુમલો કર્યા બાદ, રામાયણની જાણીતી ચોપાઈ "ભય બિના પ્રિત નહીં" નો ઉલ્લેખ કર્યો હતો.

CII સમિટમાં, એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે કહ્યું, 'અમે વિશ્વ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. પ્રાણ જાયે પર વચન નહીં એમ કહીને કહ્યું કે, જીવ ગુમાવી શકાય છે પરંતુ વચન તોડવું જોઈએ નહીં, આ અમારું એકમાત્ર લક્ષ્ય છે. હવે આપણે હંમેશા ભવિષ્ય માટે તૈયાર રહેવું પડશે. આપણે આખા રાષ્ટ્રના અભિગમના આધારે યુદ્ધ જીત્યું છે.

આપણે સંરક્ષણ દળોને મજબૂત કરવા માટે સમાન અભિગમનો ઉપયોગ કરવો પડશે. તે ફક્ત આખા રાષ્ટ્રનો અભિગમ નથી, આપણે આખા રાષ્ટ્રના મિશન મોડમાં કામ કરવું પડશે અને પરિણામો લાવવા પડશે. તેમણે વધુમાં કહ્યું કે આપણે, ભારતીય સેના, એક વાતમાં માનીએ છીએ કે એકવાર આપણે પ્રતિબદ્ધ થઈ જઈએ છીએ, પછી આપણે પોતાનું પણ સાંભળતા નથી.

એર ચીફ માર્શલે કહ્યું, "દરરોજ, આપણે નવી ટેકનોલોજી શોધી રહ્યા છીએ. ભવિષ્યમાં પણ, આપણે એક રાષ્ટ્ર તરીકે માલ પહોંચાડી શકીશું અને આપણે આપણા ઉદ્દેશ્યો પ્રાપ્ત કરી શકીશું. છરૂછ- એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટને પણ ખાનગી ઉદ્યોગની ભાગીદારી માટે મંજૂરી આપવામાં આવી છે, જે ખૂબ જ મોટું પગલું છે અને આજે દેશને ખાનગી ઉદ્યોગમાં આટલો વિશ્વાસ છે અને મને ખાતરી છે કે તે ભવિષ્યમાં મોટી બાબતો માટે માર્ગ મોકળો કરશે." તેમણે કહ્યું કે ભલે તે સેના હોય કે નૌકાદળ, વાયુસેના હંમેશા ત્યાં રહેશે અને વાયુસેના બંને માટે રસપ્રદ હોવી જોઈએ. તેમણે કહ્યું, "આપણે જે પણ કામગીરી કરીએ છીએ, આપણે તે વાયુસેના વિના કરી શકતા નથી અને મને લાગે છે કે આ કામગીરી ઓપરેશન સિંદૂર દરમિયાન પણ આ ખૂબ સારી રીતે સાબિત થયું છે.

આપણે ફક્ત ભારતમાં ઉત્પાદન વિશે વાત કરી શકતા નથી. આપણે ભારતમાં ડિઝાઈન અને વિકાસ પણ શરૂ કરવો પડશે અને જ્યારે સંખ્યામાં ઉત્પાદનની વાત આવે છે, ત્યારે ક્ષમતા સામે આવે છે. તેથી આપણે દળો અને ઉદ્યોગ વચ્ચે આ વિશ્વાસ જાળવી રાખવાની જરૂર છે."

### નગર નિગમની ચૂંટણી પહેલાં જ મહાયુતિમાં તિરાડ

# સ્થાનિક ચૂંટણીમાં આમને-સામને થઈ શકે છે ભાજપ અને અજિત પવાર

## મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનમાં સરકાર ચલાવી રહેલા ભાજપ અને એનસીપીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મામલે બેઠકો ગુમાવવાનો ભય

મુંબઈ, તા. ૨૯

મહારાષ્ટ્રમાં બીએમસી અને સ્થાનિક નગર નિગમની ચૂંટણી પહેલાં જ મહાયુતિમાં તિરાડ પડી છે. મહાયુતિમાં ખેંચતાણ વચ્ચે અજિત પવાર એકલા ચૂંટણી લડવાની તૈયારી બતાવી રહ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રીની તાજેતરની મહારાષ્ટ્ર મુલાકાત દરમિયાન ભાજપના ઘણા નેતાઓએ નાયબ મુખ્યમંત્રી અજિત પવાર સામે ફરિયાદો કર્યા બાદ અજિત પવારની પાર્ટી એનસીપી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એકલા હાથે લડવાની અટકળો વહેતી થઈ છે.

ભાજપના નેતાઓએ ગૃહમંત્રી સમક્ષ અજિત પવાર પર ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો વિરોધ કરનારા ઉમેદવારોને ટેકો આપવાનો આરોપ મૂક્યો હતો. જેના કારણે મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં જ મહાયુતિમાં તિરાડો પડી છે. બંને પક્ષ વચ્ચે પશ્ચિમ મહારાષ્ટ્ર અને મરાઠાવાડામાં ખેંચતાણ જોવા મળી છે. જ્યાં ભાજપ અને અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી બંને મજબૂત પ્રભાવ ધરાવે છે. પશ્ચિમ મહારાષ્ટ્રમાં ભાજપે ૨૮ અને એનસીપીએ ૧૫ બેઠક જીતી હતી. જ્યારે મરાઠાવાડામાં કુલ ૫૨ બેઠકમાંથી ભાજપે ૧૯ બેઠક અને એનસીપીએ ૮ બેઠક જીતી હતી.

મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનમાં સરકાર ચલાવી રહેલા ભાજપ અને એનસીપીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મામલે બેઠકો ગુમાવવાનો ભય વધ્યો છે. પવારની પાર્ટી ભાજપના વર્ચસ્વ હેઠળની બેઠકો હાંસલ કરવા માગતી હોવાની આશંકા ભાજપના નેતાઓ વ્યક્ત કરી છે. પુણે, સાંગલી, પીંપરી, ચિંચવાડ, પર્ભાણી, જાલના અને બીડ સહિતની નગર પાલિકામાં મહાયુતિની એકતા પર સવાલો ઉઠ્યા છે. કારણ કે ભાજપ પોતાના મતદાર આધારને મજબૂત કરવા અને મહત્વપૂર્ણ જિલ્લાઓમાં પ્રભુત્વ મેળવવા માટે એકલા ઉતરે તેવી શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે. શિવસેના (યુબીટી) અને એનસીપી (શરદ પવાર)એ આ અંગે જણાવ્યું હતું કે, ભાજપ અને અજિત પવારની એનસીપી વચ્ચેની તિરાડો આગામી ચૂંટણીમાં મહાયુતિની યોજનાઓ પર પાણી ફેરવી શકે છે. શિવસેના (યુબીટી)ના ધારાસભ્ય સચિન આહિરે જણાવ્યું કે, અજિત પવારથી માત્ર ભાજપના ધારાસભ્યો જ નહીં, પણ આખી કેબિનેટ ત્રાસી ગઈ છે. તેઓ ફંડની અછતનો સામનો કરી રહ્યા છે. તેમના પ્રોજેક્ટ અટકી ગયા છે. ઘણા વર્ષોના વિરોધ બાદ બંને પક્ષ એકબીજા સાથે કામ કરવા મજબૂર બન્યા છે.

એનસીપી (શરદ પવાર)ના ધારાસભ્ય રોહિત પવારે જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં જ ભાજપ જાણીજોઈને પોતે અજિત પવારથી નારાજ હોવાનો દેખાવ કરી રહ્યું છે. કદાચ ભાજપના નેતાઓ ઈચ્છે છે કે તેમની આ નારાજગી જાહેર થાય જેથી તણાવ વધે અને તેઓ સ્વતંત્ર રીતે ચૂંટણી લડી શકે.

ઉલ્લેખનીય છે, ભાજપ મુંબઈના પ્રમુખ આશિષ શેલારે અજિત પવારની એનસીપી સાથે કોઈ પણ પ્રકારના અણબનાવની ફરિયાદોને ફગાવી દીધી અને કહ્યું કે તેમની પાસે આવી કોઈ માહિતી નથી. એનસીપી (અજિત પવાર)ના સાંસદ સુનિલ તટકરે પણ મહાયુતિ ગઠબંધન વચ્ચે સંપ અને એકતા હોવાનું જણાવતાં કહ્યું હતું કે, દેવેન્દ્ર ફડણવીસ, અજિત પવાર અને એકનાથ શિંદે સહિત રાજ્યના ત્રણેય નેતાઓ વચ્ચે સંપૂર્ણપણે સહકાર અને સંપ છે. તેમની વચ્ચે કોઈ મતભેદ નથી.

### કોંગ્રેસ નેતાઓ દ્વારા ભારે વિરોધ બાદ થરૂરનો જવાબ

# ઠીક લાગે એ કરો મારી પાસે બીજા ઘણા કામ : શશી થરૂર

## વિદેશ પ્રવાસ દરમિયાન આપવામાં આવેલા એક નિવેદન પર વાંધો ઉઠાવ્યો હતો

નવી દિલ્હી, તા. ૨૯

કોંગ્રેસના સાંસદ શશિ થરૂર પોતાના જ પક્ષના નેતાઓની ટીકાઓનો ભોગ બન્યા છે. જેનો જવાબ આપતાં થરૂરે નેતાઓને અતિ ઉત્સાહી ગણાવ્યા છે. તેમજ થરૂરે પોતાની પાસે અન્ય ઘણા કામો હોવાનું કહી તેમના કટાક્ષોની અવગણના કરી હતી. કોંગ્રેસ નેતા ઉદિત રાજે શશિ થરૂરના વિદેશ પ્રવાસ દરમિયાન આપવામાં આવેલા એક નિવેદન પર વાંધો ઉઠાવ્યો હતો અને તેમને ભાજપના સુપર પ્રવક્તા ગણાવ્યા હતા.

શશિ થરૂરે સર્વપક્ષીય પ્રતિનિધિમંડળની પનામા મુલાકાત દરમિયાન એક નિવેદન આપ્યું હતું કે, ભારત સરકારે તાજેતરના વર્ષોમાં પોતાની વિચારસરણી બદલી છે. જેથી આતંકવાદીઓને અનુભવ થઈ ગયો છે કે, તેમણે ભારત પર હુમલાની કિંમત ચૂકવવી પડશે. થરૂરે સર્જિકલ સ્ટ્રાઈક અને બાલાકોટ સ્ટ્રાઈકનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, પહેલીવાર ભારતે સર્જિકલ સ્ટ્રાઈક કરી LOC ક્રોસ કરી આતંકવાદીઓના ઠેકાણાં પર હુમલા કર્યા હતા. કારગિલની લડાઈમાં પણ અમે બોર્ડર ક્રોસ કરી ન હતી. પરંતુ આ વખતે અમે માત્ર બોર્ડર ક્રોસ કરી છે. પાકિસ્તાનની મધ્યમમાં સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણાંને ટાર્ગેટ બનાવ્યા છે.

થરૂરની આ ટીપ્પણી પર કોંગ્રેસ નેતા ઉદિત રાજે સવાલો ઉઠાવ્યા હતા કે, કોંગ્રેસ સાંસદ શશિ થરૂર ભાજપના સુપર પ્રવક્તા બની ગયા છે. જે વસ્તુ ભાજપના નેતાઓ નથી બોલી રહ્યા, તે થરૂર પીએમ મોદી અને સરકાર વિશે બોલી રહ્યા છે. શું તેમને જાણ છે કે, પાછળની સરકારે શું કર્યું હતું? તે ભારતીય સશસ્ત્ર બળનો આશરો લઈ રહ્યા છે. શશી થરૂર ભાજપના પ્રચાર વિભાગના પ્રવક્તા બન્યા છે.

ઉદિત રાજની ટીકા બાદ શશી થરૂરે સામો જવાબ આપતાં કહ્યું કે, X પર પોસ્ટ કરી હતી કે, પનામામાં એક લાંબા અને સફળ દિવસ બાદ મારે મધ્યરાત્રિએ જ કોલંબિયા માટે જવા નીકળવાનું છે. આથી મારી પાસે સમયન નથી. પરંતુ જે અતિ ઉત્સાહી મારા નિવેદનની ટીકા કરી રહ્યા છે. તેમને જણાવી દઉ કે, હું માત્ર આતંકવાદી હુમલા વિરૂદ્ધ જવાબી કાર્યવાહી મુદ્દે બોલી રહ્યો હતો. ભૂતકાળના યુદ્ધ વિશે નહીં. મેં એવુ જણાવ્યું છે કે, ભૂતકાળમાં આતંકવાદી હુમલાનો જવાબ આપતી વખતે આપણે LOC અને આંતરરાષ્ટ્રીય સરહદોનું ધ્યાન રાખ્યું હતું. પરંતુ હવે આપણી વિચારસરણી બદલાઈ છે. પરંતુ હંમેશાની જેમ ટ્રોલર્સ અને મારા ટીકાકારો મારા શબ્દોને તોડી-મરોડી રજૂ કરશે. પરંતુ મારી પાસે કરવા માટે બીજુ ઘણુ બધુ છે. શુભરાત્રિ.

# પહલગામના માસ્ટરમાઇન્ડ સૈફુલ્લાહ કસૂરીએ ભારત વિરૂદ્ધ ઓક્યૂ ઝેર

## પહલગામ આતંકવાદી હુમલા માટે મને જવાબદાર ઠેરવવામાં આવ્યો હતો, હવે મારું નામ આખી દુનિયામાં પ્રખ્યાત થઈ ગયું છે

ઈસ્લામાબાદ, તા. ૨૯

લશ્કર-એ-તૈયબાના કમાન્ડર સૈફૂલ્લાહ કસૂરીએ ફરી એકવાર ભારત વિરોધી રેલીનું આયોજન કર્યું છે. તે પાકિસ્તાની નેતાઓ સાથે એક જ મંચ પર ઉભા રહીને ભારત વિરુદ્ધ બોલ્યો હતો. કસૂરીને પહેલગામ આતંકવાદી હુમલાનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે. તેણે હુમલા પછી એક વીડિયો જાહેર કર્યો હતો અને કહ્યું હતું કે તે તેમાં સામેલ નથી, પરંતુ હવે કસૂરીએ શરમજનક નિવેદન આપ્યું છે.

પાકિસ્તાન મરકઝી મુસ્લિમ લીગે એક રેલીનું આયોજન કર્યું હતું. આતંકવાદી હાફિઝ સઈદના પુત્ર તલ્હા સઈદે પણ તેમાં ભાગ લીધો હતો. રેલી દરમિયાન જનતાને સંબોધિત કરતી વખતે કસુરીએ ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું હતું. તેણે કહ્યું, "પહલગામ આતંકવાદી હુમલા માટે મને જવાબદાર ઠેરવવામાં આવ્યો હતો, હવે મારું નામ આખી દુનિયામાં પ્રખ્યાત થઈ ગયું છે."

ભારતના ઓપરેશન સિંદૂરમાં હાઈ પ્રોફાઈલ આતંકવાદી મુદાસિર અહેમદ માર્યો ગયો હતો. કસુરીએ રેલીમાં કહ્યું હતું કે તે તેના નામે હોસ્પિટલ બનાવશે. ભારતની મોસ્ટ વોન્ટેડ યાદીમાં ૩૨મા ક્રમાંકિત આતંકવાદી તલ્હા સઈદ પણ આ રેલીનો ભાગ હતો. તેણે પોતાનું ભાષણ તકબીરના નારાથી શરૂ કર્યું. તલ્હાએ ભારત વિરોધી ભાષણ પણ આપ્યું. મહત્વની વાત એ છે કે આતંકવાદીઓની આ રેલીમાં પાકિસ્તાની નેતાઓ પણ ભાગ લીધો હતો. કસુરીની વાત કરીએ તો, તેના સહિત ઘણા આતંકવાદીઓ પાકિસ્તાનમાં ચૂંટણી લડી ચૂક્યા છે, જોકે મોટાભાગના આતંકવાદીઓ ચૂંટણી જીતી શક્યા નથી.

પાકિસ્તાન વર્ષોથી આતંકવાદીઓને ભંડોળ પૂરું પાડી રહ્યું છે અને તેના કારણે તેને નુકસાન પણ સહન કરવું પડ્યું છે. પાકિસ્તાનના વિદેશ મંત્રીએ પોતે ભૂતકાળમાં સ્વીકાર્યું હતું કે પાકિસ્તાન વર્ષોથી આતંકવાદીઓને આશ્રય આપી રહ્યું છે. પહેલગામ હુમલા પછી ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. આ દરમિયાન ૧૦૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા. ભારતીય સેનાએ પાકિસ્તાન અને પીઓકેમાં ઘણા આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો.

# અમરેલીનાં માંગવાપાળ ગામેથી વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો શુભારંભ



ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય ધ્વારા તારીખ ૨૯/૫/૨૦૨૫ થી ૧૨/૬/૨૦૨૫ દરમિયાન પ્રી ખરીફ કેમ્પેઈન અંતર્ગત વિકસિત કઈ કૃષિ સંકલ્પ અભિયાન નો શુભારંભ આજ રોજ અમરેલી તાલુકાના માંગવાપાળ ગામેથી કરવામાં આવ્યો. આ કાર્યક્રમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષીબેન બારીયા ના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ તેમજ કૃષિ રથ ને લીલી જંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવેલ. આ કાર્યકમમાં નાયબ ખેતી નિયામક વિસ્તરણ બી.એસ. પીપળીયા, નાયબ પશુપાલન નિયામક એસ.બી.કુનડિયા, નાયબ ખેતી નિયામક તાલીમ એમ. જેડ. જીડ, નાયબ બાગાયત નિયામક એ.એમ. કરમુર, આઈ.સી.એ.આર વૈજ્ઞાનિક આશિષ કુમાર જા અને સિત્રા દૂરઈ, મદદનીશ ખેતી નિયામક વિકાસ ડામોર ઉપસ્થિત રહેલ. આ કાર્યકમમાં ૩૦૦ જેટલા ખેડૂત ભાઈઓ તથન બહેનોએ ભાગ લીધેલ. આ અભિયાન અંતર્ગત ખેડૂતોને આધુનિક ખેત પદ્ધતિની માહિતી તેમજ પ્રાકૃતિક ખેતી નો પ્રચાર પ્રસાર કરવામાં આવેલ. ત્યારબાદ આ કૃષિ રથ ધ્વારા વાંકિયા, પીઠવાજાળ, સરંભડા, રાંઢિયા અને દહિડા ગામે પણ બહોળો પ્રમાણમાં કૃષિ માહિતી નો પ્રચાર પ્રસાર કરવામાં આવેલ.

### જાગૃત એડવોકેટે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

## ધારી નગરપાલિકાનો ઈ–નગરનાં પોર્ટલમાં સમાવેશ કરવા રજુઆત

### શહેરીજનોનાં હિતમાં ઝડપથી નિર્ણય કરવા માંગ

ધારી, તા.૨૯

ધારી શહેરને ગ્રામ પંચાયતમાંથી નગરપાલિકામાં ફેરવાની જાહેરાત થઈ હતી. ધારી શહેરને નગરપાલિકા જાહેર કરવામાં આવતા શહેરીજનોમાં પણ ખુશીની લહેર દોડી હતી. શહેરના દરેક વિસ્તારમાં સર્વાંગી વિકાસના કામો થશે અને સુખાકારીની સગવડતાઓ વધશે તેવો આનંદ પણ જોવા મળેલ હતો. પરંતુ ધારી નગરપાલિકા વિસ્તારના શહેરીજનો હાલ ખુબજ અગવડતા પણ ભોગવી રહેલા છે કારણ કે ધારી નગરપાલિકામાં આજ દિન સુધીમાં લગ્ન નોંધણી, બાંધકામની મંજુરી, સબ



પ્લોટની મંજુરી, ઈમ્પેકટ ફી અરજી વગેરે કામગીરી કરવામાં આવતી નથી જેનાથી ધારી શહેરના નાગરિકો તથા અન્ય બહાર ગામથી આવતા લોકોને ઘણી બધી અગવડતા અને પરેશાની પડી છે. આ બાબતે ચીફ ઓફિસરને અરજદાર ધ્વારા રૂબરૂ રજૂઆત કરવામાં આવેલ હતી. ત્યારે ચીફ ઓફિસરે અરજદારને જણાવેલ કે ઈ–નગર પોર્ટલમાં ધારી નગરપાલિકાનું ઓપ્સન આવતું નથી. જયાં સુધી ઈ–નગર પોર્ટલમાં ધારી નગરપાલિકાનું ઓપ્સન ઓનલાઈન નથી આવતું અરજદાર એડવોકટ ઉમ્મીદ બ્લોચની વ્યાજબી માંગણી છે કે મેન્યુઅલ અરજી લઈને તેનો નિકાલ કરવામાં આવે પરંતુ ચીફ ઓફિસરએ એવું જણાવેલ કે જયાંસુધી ઓનલાઈન નહિ થાય ત્યાંસુધી કોઈ કામગીરી નહિ થાય અને તમે સરકારને ઉપર રજૂઆત કરો મારી પાસે સ્ટાફ નથી. કોમ્પ્યુટર નથી જેથી હાલમાં કોઈ કામગીરી નહિ થાય. આવા સંજોગોમાં ધારી શહેરના નાગરિકો તમામ સરકારી કામો અટવાયેલા હોઈ અને લોકો પરેશાન થાય છે. જેથી જાહેર જનતાના હિતમાં ધારી નગરપાલિકામાં સ્ટાફની ભરતી કરવા અને ઈ–નગર પોર્ટલમાં ધારી નગરપાલિકાનું ઓપ્સન ઓનલાઈન મુકવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને એડવોકેટ ઉમ્મીદ બ્લોચે રજુઆત કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરા શહેર ભાજપનાં**

હોદાઓ માટે કોઈની વરણી કરવામાં ન આવતા શહેરના સંગઠન બાબતે અનેક સવાલો ઉભા થયા છે. બગસરા શહેર ભાજપ પ્રમુખની ટર્મ પુરી થઈ ગયા બાદ શહેર ભાજપ પ્રમુખ તરીકે ઘનશ્યામ સાદરાણીની વરણી કરવામાં આવી હતી. આ વરણીને એક મહીના કરતા વધુ સમય વિતિ ગયો છે જયારે મહામંત્રી તરીકે પાંચ કરતા વધુ નામો પણ જિલ્લા કક્ષાએ મોકલવામાં આવ્યા છે હાલમાં જ બગસરામાં તિરંગા યાત્રાનું આયોજન ભાજપ દ્વારા કરવામાં આવ્યુ હતું. જેમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી હાજર રહ્યા હતા. પરંતુ શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણી હાજર ન રહેતા ભાજપના કાર્યકરોમાં વિખવાદ અને જુથવાદનો ગણગણાટ જોવા મળ્યો હતો. પરંતુ હજુ સુધી મહામંત્રી તરીકે કોઈના નામની મહોર લાગી નથી. જો કે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેર ભાજપ સંગઠન માટે જુથવાદ ચાલી રહ્યો હોય તેવી ચર્ચા થઈ રહી છે. માત્ર કાર્યકરોને મીટીંગમાં ભેગા કરવા માટે જ તેનો ઉપયોગ થતો હોય જયારે હોદાઓ આપવામાં ભાજપ ઢીલી નીતિ અપનાવતુ હોવાથી કાર્યકરોમાં રોષ ફેલાયો છે.

### અખિલ ભારતીય કોળી સમાજ સંગઠનમાં

## જાફરાબાદનાં સામાજિક કાર્યકર ડો. ગૌરાંગભાઈને મહત્ત્વની જવાબદારી

### પ્રભારી તરીકે નિમણૂંક કરવામાં આવી

જાફરાબાદ, તા. ૨૯

અખિલ ભારતીય કોળી સમાજ ગુજરાત પ્રદેશ સંગઠન પ્રભારી તરીકે જાફરાબાદ પ્રેસ કલબ ઓફ જાફરાબાદના પ્રમુખ તથા સામાજિક કાર્યકર તરીકે સેવા બજાવી રહેલા ડો. ગૌરાંગભાઈની અખિલ ભારતીય કોળીસમાજ ન્યુદિલ્હી રજીસ્ટર સંસ્થામાં ગુજરાત પ્રદેશ સંગઠન પ્રભારી તરીકે તેઓની નિમણૂંક કરતા તેઓના મિત્રો વર્ગમાંથી અભિનંદનનો ધોધ વહી રહ્યો છે. સમાજીક કાર્યકર લોકહિતના પ્રાણ પ્રશ્નો માટે હરહંમેશા લોકોને સરકારી બીન સરકારી કામકાજ માટે હરહંમેશા લડત લડતા ડો.ગૌરાંગભાઈ બાંભણીયાની અખિલ ભારતીય કોળીસમાજ ન્યુદિલ્હી ગુજરાત પ્રદેશ સંગઠન પ્રભારી તરીકે અધ્યક્ષ દિવ્યેશભાઈ એમ. ચાવડા દ્વારા ગુજરાત સંગઠન નવી નિમણૂંક કરી છે. તેમાં ગુજરાત પ્રદેશ સંગઠન પ્રભારી તરીકે સમાજીક કાર્યકર ડો. ગૌરાંગભાઈ બાંભણીયાની નિમણૂંક કરવામાં આવી છે. તેવો અનેક સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેઓ અનેક સામાજિક પ્રશ્નોને વાચા આપી લોકોને ન્યાય અપાવવામાં સફળ રહ્યા છે. અખિલ ભારતીય કોળી સમાજ સંગઠન આખા ભારતના કોળી સમાજનું બિનરાજકીય સંગઠન છે અને આખાં દેશમાં છેલ્લા ૫૦ વર્ષથી સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે કાર્ય કરે છે. દેશના



રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી પણ આ સંગઠનનાં રાષ્ટ્રીય અધ્યક્ષ રહી ચૂકયા છે. હાલ સંગઠનમાં યુવા પ્રમુખ તરીકે દિવ્યેશભાઈ એમ. ચાવડા જવાબદારી નિભાવી રહ્યા છે. ત્યારે આ સંગઠનમાં ડો. ગૌરાંગભાઈ બાંભણીયા જેવા જાગૃત અને ઉત્સાહી યુવાનની નિમણૂંક થતાં રાજકીય બિનરાજકીય સંસ્થા ઓ સામાજીક કાર્યકર તથા પત્રકારો, વકીલો, યુવાનો અને વડીલો એ આ નિમણૂંકને આવકારી હતી. તમામ સમાજનાં આગેવાનોએ અભિનંદન આપી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું **બગસરા–માણેકવાડા માર્ગ ઉપર**

૧૪,૦૦૦નો ફેંકી દઈ તોડી નાખી નુકસાન કરી તથા ખેડૂતને શરીરે ગંભીર ઈજાઓ કરેલ તેમજ જમણા પગે ફેકચર તેમજ ડાબા પગે તથા શરીરે નાની–મોટી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ૬ આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### મૃતકની માતાએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવ્યો

## અમરેલીમાં ૬ વર્ષ પહેલા હત્યાનો ભોગ બનેલ અનુ.જાતિ યુવકનાં પરિવારને કોઈ મદદ મળી નથી

### ખેતીની જમીન, રહેવા માટે પ્લોટ કે રોકડ સહાય મળી નથી

અમરેલી, તા. ૨૯

અમરેલીમાં ગત તા. ૧ ઓકટો. ૨૦૧૮ નાં રોજ અનુ.જાતિના યુવક મહેશભાઈ રતિલાલ ઝાલાની હત્યાનો ગુન્હો જે–તે સમયે પોલીસ સ્ટેશનમાં નોંધાયાને ૬ વર્ષ જેટલો સમય પસાર થયો છતાં કોઈ સરકારી મદદ ન મળતાં મૃતક યુવકની માતા હંસાબેન ઝાલાએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અત્યાચારના ગંભીર બનાવમાં ખાસ કિસ્સામાં જીવન નિર્વાહ માટે ખેતી કરવા સરકારી પડતર જમીને અને ૨૦૦ ચો.વાર જમીનનો પ્લોટની માંગણી અનુસુચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર અટકાવ) અધિનિયમ ૧૯૮૯ના નિયમો ૧૯૯૫ ના નિયમ ૧૫ મુજબ ખાસ આકસ્મિક યોજનામાં કરવામાં આવેલ હતી. તે બાબતે સરકારી જમીનની ખાસ કિસ્સામાં ફાળ વવા માટે અમરેલી તાલુકાના ગામોમાં સરકારી પડતર જમીન આવેલ છે તેની યાદી રજુ કરેલ હતી. ભોગ બનનાર આશ્રિત પરિવારે આ યાદીમાંના ગામોમાંથી કોઈ પણ જગ્યાએ ખાસ કિસ્સામાં નિયમ મુજબ સરકારી પડતર જમીન ફાળવવા કરવા અને અમરેલીમાં ૨૦૦ ચો.વાર મફત પ્લોટ આપવાની માંગણી લેખિત અરજી આપી કરવામાં આવેલ છે.

કેરીયાનાગસ ખાતે હાલમાં જમીન આપવા માટેના કાગળો કરવામાં આવેલ છે, પણ હુકમ કરવામાં આવતો નથી. અમરેલી તાલુકાના જે ગામોમાં સરકારી પડતર જમીન આવેલ છે અને માંગણી મુજબ અમોને કાયદેસર અનુસુચિત જાતી અને અનુસુચિત જૂન જાતિ (અત્યાચાર અટકાવ) અધિનિયમ ૧૯૮૯ ના નિયમો ૧૯૯૫ ના નિયમ ૧૫ મુજબ અમારા પરિવારના પુનઃવસન અંગે મળવાપાત્ર છે. જે સ્થાનિક તંત્ર દ્વારા અમોને આ બાબતે કોઈજ કાર્યવાહી ન કરી અમોને જમીનથી વંચિત રાખેલ છે. આ બાબતે ભોગ બનેલ પરિવારને જલ્દી ન્યાય આપી કાયદેસરની મળવા પાત્ર ખેતીની જમીન અને મફત પ્લોટ તેમજ આંબેડકર ફાઉન્ડેશન, દિલ્હી તરફથી હત્યા કેસમાં મળતી વધારાની સહાય રૂા. પાચ લાખ મળે તે માટે કાર્યવાહી કરવા વિનંતી છે.

વધુમાં જણાવેલ છે કે, અમારા દીકરાની હત્યાના કેસમાં પાચ વર્ષ થયા છતાંય અમોને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ (અત્યાચાર અટકાવ) અધિનિયમ ૧૯૮૯ ના નિયમો ૧૯૯૫ ના પેટા નિયમ ૧૫ મુજબ અમોને આજીવિકા માટે ખેતીની જમીન, રહેવા માટે મકાન, સરકારી નોકરી, આપેલ નથી. ખેતીની જમીન અને મફત પ્લોટ તેમને આ પ્લોટ પર મકાન બાંધકામ માટે સહાય આપવામાં આવે. આ કાયદાકીય જોગવાઈઓનો અમલ પાચ વર્ષથી કરવામાં આવતો નથી. અમારા કાગળો ગોળ ગોળ સબંધિત કચેરીઓમાં ફેરવવામાં આવે છે રિઝલ્ટ કાંઈજ આવતું નથી.

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલા–મહુવા માર્ગ ઉપર**

પડી રહ્યો છે. ડાયવર્ઝન માર્ગ પર ડામર પાથરવામાં ન આવતાં રસ્તાની સ્થિતિ ખરાબ થઈ છે, જેના કારણે નાના વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ ઓવરબ્રિજનું બાંધકામ લાંબો સમય ચાલવાનું હોવાથી, ડાયવર્ઝન માર્ગને ડામર પાથરીને સરખો અને સલામત બનાવવો અત્યંત જરૂરી છે. આ સાથે, ભારે વાહનોના ગેરકાયદે પ્રવેશને રોકવા માટે સખત પગલાં લેવાની અને જાહેરનામાનું કડક અમલીકરણ કરવાની જરૂર છે. સંબંધિત અધિકારીઓને આ મુદ્દે તાત્કાલિક પગલાં લઈ, ટ્રાફિક વ્યવસ્થાને સુધારવા અને જાહેરનામાનું યોગ્ય પાલન કરાવવા સઘન પ્રયાસો જરૂરી છે. શહેરની ટ્રાફિક વ્યવસ્થા માટે એ આવશ્યક પણ છે. શહેરના જાગૃત નાગરિકો દ્વારા આ સંદર્ભે તંત્રનું ધ્યાન દોરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. પરંતુ હજુ કોઈ આશાસ્પદ પરિણામ આવેલ નથી.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરાનાં ધરાઈ ગામનાં બાબુભાઈ**

તા. ૨૮ના રોજ શાપર ગામેથી પોતાના હવાલા વાળુ મોટર સાયકલ નં. જી.જે.–૦૫ સી.–૭૪૭૫ લઈને પોતાના ગામ ધરાઈ આવવા નીકળેલ હોય અને રાત્રીના આશરે ૯:૨૦ વાગ્યે મોટા દેવળીયા ગામે આવેલ સોમનાથ હોટલ પાસે પહોંચતાં હાઈવે રોડની સાઈડમાં અજાણ્યો ટ્રક ઉભેલ હોય તે ટ્રકની પાછળ પોતાના હવાલા વાળી મોટર સાયકલ ભટકાવી દેતાં તેમને કપાળ ઉપર તથા જમણા હાથ ઉપર ગંભીર ઈજા પહોંચતા બાબુભાઈ કાનાભાઈ જાદવનું મોત નિપજયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સૌરાષ્ટ્રની DLS સ્કૂલની – ધો. ૧૨ ની ગર્લ્સને સંકુલની કોલેજમાં પ્રવેશ માટે આવકારીએ છીએ

તેઓને માટે સ્પોર્ટસ પ્રેક્ટીસની વ્યવસ્થા રહેશે

તેઓને સ્પોર્ટસ સ્પર્ધામાં જવાની છૂટ રહેશે

તેઓને માટે રીડીંગબેલ માં છૂટછાટ રહેશે

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૭૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૩૦ | ૧૦૭૫ |
| ૩ | શિંગ મોટી | ૭૮૦ | ૧૦૯૮ |
| ૪ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૯૩૦ | ૧૩૮૫ |
| ૬ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૨૧૫ |
| ૭ | તલ કાળા | ૨૦૦૦ | ૩૬૪૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૬૦૦ | ૨૧૩૦ |
| ૯ | બાજરો | ૨૧૧ | ૪૧૧ |
| ૧૦ | જુવાર | ૨૫૬ | ૮૩૭ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૩ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૨૨ |
| ૧૩ | મગ | ૧૦૫૦ | ૧૭૦૦ |
| ૧૪ | અડદ | ૬૦૦ | ૧૫૦૫ |
| ૧૫ | ચણા | ૭૦૦ | ૧૦૯૦ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૬૫ | ૧૧૧૨ |
| ૧૭ | ચણા સફેદ | ૮૦૦ | ૧૧૪૦ |
| ૧૮ | છોલે ચણા | ૧૪૨૦ | ૧૪૮૦ |
| ૧૯ | તુવેર | ૭૦૦ | ૧૨૭૦ |
| ૨૦ | કપાસ | ૮૪૨ | ૧૫૬૯ |
| ૨૧ | એરંડા | ૧૦૦૧ | ૧૨૨૨ |
| ૨૨ | જીરૂ | ૨૦૦૦ | ૩૮૫૦ |
| ૨૩ | રાયડો | ૭૦૦ | ૯૭૦ |
| ૨૪ | રાય | ૮૬૫ | ૧૧૪૦ |
| ૨૫ | ધાણા | ૧૨૩૨ | ૧૨૮૭ |
| ૨૬ | ધાણી | ૧૦૯૫ | ૧૩૪૫ |
| ૨૭ | મેથી | ૭૨૫ | ૮૮૧ |
| ૨૮ | સોયાબીન | ૭૯૦ | ૮૧૬ |
| ૨૯ | કાંગ | ૪૮૧ | ૫૭૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૬૫ | ૯૫૦ |
| ૨ | તુવેર | ૧૧૦૦ | ૧૨૬૩ |
| ૩ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૪ | એરંડા | ૧૧૮૬ | ૧૧૮૯ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૧૦ | ૧૦૫૦ |
| ૩ | શીંગ નવી | ૯૫૦ | ૧૨૦૦ |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૩૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૨૧ |
| ૬ | તલ કાળા | ૨૯૦૦ | ૩૪૫૦ |
| ૭ | જીરૂ | ૩૩૦૦ | ૩૯૦૧ |
| ૮ | કપાસ | ૧૩૫૦ | ૧૫૦૧ |
| ૯ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૪૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૫૫ |
| ૧૧ | બાજરો | ૩૩૦ | ૪૮૦ |
| ૧૨ | જુવાર | ૬૫૦ | ૮૦૮ |
| ૧૩ | મકાઈ | ૪૦૦ | ૪૨૦ |
| ૧૪ | મગ | ૧૧૦૦ | ૧૪૮૦ |
| ૧૫ | ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૧૬ | દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૨૦ |
| ૧૭ | તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૮ | ધાણા | ૧૧૦૦ | ૧૩૧૦ |
| ૧૯ | સોયાબીન | ૭૩૦ | ૮૦૮ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૮૦ | ૧૪૦૦ |
| ૩ | મગફળી | ૧૦૦૫ | ૧૦૩૫ |
| ૪ | જીરૂ | ૩૦૨૦ | ૧૮૯૦ |
| ૫ | ઘઉં | ૪૫૭ | ૫૦૩ |
| ૬ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૪૦ |
| ૭ | તલ કાળા | ૨૯૭૦ | ૩૪૮૦ |
| ૮ | ચણા | ૧૦૫૨ | ૧૦૮૮ |
| ૯ | મગ | ૧૨૭૦ | ૧૪૧૦ |
| ૧૦ | બાજરો | ૪૩૭ | ૫૧૩ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૨૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૦૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૪૯૧ |
| ૪ | ધાણા | ૯૧૦ | ૧૩૦૦ |
| ૫ | ચણા | ૮૯૦ | ૧૦૭૦ |
| ૬ | તુવેર | ૧૧૯૦ | ૧૨૫૦ |
| ૭ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૮ | મગફળી | ૮૦૦ | ૯૬૦ |
| ૯ | બાજરો | ૪૮૫ | ૪૮૫ |
| ૧૦ | સોયાબીન | ૭૦૦ | ૮૦૫ |
| ૧૧ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૦૫ |
| ૧૨ | લસણ | ૪૧૫ | ૪૧૫ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૨૦૦ |
| ૩ | તલ કાળા | ૨૩૦૦ | ૨૬૦૧ |
| ૪ | તલ પીળા | ૧૭૦૧ | ૧૮૦૦ |
| ૫ | કપાસ | ૧૧૫૦ | ૧૪૯૦ |
| ૬ | બાજરો | ૩૬૦ | ૫૬૨ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૭૪ |
| ૮ | જુવાર | ૫૭૦ | ૯૧૦ |
| ૯ | મકાઈ | ૫૫૨ | ૫૫૨ |
| ૧૦ | મગ | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૧૧ | તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૦૭૧ |
| ૧૩ | જીરૂ | ૩૯૦૧ | ૩૯૦૧ |
| ૧૪ | રાજગરો | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | સોયાબીન | ૭૭૦ | ૭૮૯ |
| ૧૭ | રાય | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૧૮ | શીંગદાણા | ૯૨૬ | ૧૩૫૦ |

## પૂર્વ સાંસદ કાછડીયાએ સરકારો આભાર માન્યો

# કેન્દ્ર સરકારે ખેડૂતોનાં હિતમાં એમએસપીમાં તોતિંગ વધારો કર્યો

### વાવણી પહેલા જ સતાવાર જાહેરાત થઈ

અમરેલી, તા. ૨૯

ખેડૂતોને તેમના પાકના પોષણ ક્ષમ ભાવો મળી રહે તે માટે સરકાર દ્વારા વાવણી પહેલા એમએસપીનીજાહેરાતકરવામાં આવી છે. જે બદલ અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી શિવરાજભાઈ ચૌહાણ અને રાજયના કૃષિમંત્રીરાઘવજીભાઈ પટેલનોખેડુતો વતીઆભારવ્યકતકરીહર્ષનીલાગણી વ્યકતકરેલછે.

આ અંગે પૂર્વ સાંસદે જણાવેલછે કેડબલએન્જિનનીભાજપ સરકાર દ્વારા ખેડુતોના હિતમાં નીચે મુજબના પાકો માટે એમએસપી ની જાહેરાત કરેલ છે અને આ જાહેરાતમાં મહત્વની બાબત એ છે કે વર્ષ ૨૦૨૪-૨૫ કરતા સરકારે વર્ષ ૨૦૨૫-૨૬માં એમએસપીની રકમમાં વધારો કરેલ છે. જેનાથી ખેડુતોને ફાયદો થશે અને ખેડુતો MSPની કિંમતો ધ્યાને લઈને વાવણી કરી શકાશે. સરકાર દ્વારા જાહેરાત કરાયેલ એમએસપીની વિગતો નીચે મુજબ છે.

| પાક | એમ.એસ.પી. ૨૦૨૪-૨૫ | એમ.એસ.પી. ૨૦૨૫-૨૬ | વધારો |
|---|---|---|---|
| ડાંગર (સામાન્ય) | ૨૩૦૦ | ૨૩૬૯ | ૬૯ |
| ડાંગર (એ ગ્રેડ) | ૨૩૨૦ | ૨૩૮૯ | ૬૯ |
| જુવાર (હાઈબ્રીડ) | ૩૩૭૧ | ૩૬૯૯ | ૩૨૮ |
| જુવાર (માલદંડી) | ૩૪૨૧ | ૩૭૪૯ | ૩૨૮ |
| બાજરી | ૨૬૨૫ | ૨૭૭૫ | ૧૫૦ |
| રાગી | ૪૨૯૦ | ૪૮૮૬ | ૫૯૬ |
| મકાઈ | ૨૨૨૫ | ૨૪૦૦ | ૧૭૫ |
| તુવેર | ૭૫૫૦ | ૮૦૦૦ | ૪૫૦ |
| મગ | ૮૬૮૨ | ૮૭૬૮ | ૮૬ |
| અડદ | ૭૪૦૦ | ૭૮૦૦ | ૪૦૦ |
| મગફળી | ૬૭૮૩ | ૭૨૬૩ | ૪૮૦ |
| સુર્યમુખી | ૭૨૮૦ | ૭૭૨૧ | ૪૪૧ |
| સોયાબીન | ૪૮૯૨ | ૫૩૨૮ | ૪૩૬ |
| તલ | ૯૨૬૭ | ૯૮૪૬ | ૫૭૯ |
| રામતલ | ૮૭૧૭ | ૯૫૩૭ | ૮૨૦ |
| કપાસ (મિડલ સ્પેટલ) | ૭૧૨૧ | ૭૭૧૦ | ૫૮૯ |
| કપાસ (લોંગ સ્ટેપલ) | ૭૫૨૧ | ૮૧૧૦ | ૫૮૯ |

અંતે પૂર્વ સાંસદે ખેડુતોના હિતાર્થે એમએસપી જાહેર કરવા બદલ કેન્દ્ર સરકાર અને રાજય સરકારનો ખેડુતો વતી આભાર વ્યકત કરેલ હોવાનું તેમની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલીનાં યુવાનોને નરેન્દ્ર મોદી વિચાર મંચમાં પ્રદેશ કક્ષાએ સ્થાન મળ્યું

અમરેલી, તા.૨૯

વિચાર પ્રેરિત યુવા માટે રાષ્ટ્રીય લેવલે કાર્યરત એક અદ્વિતીય સંસ્થાન નરેન્દ્ર મોદી વિચાર મંચની ગુજરાતયુવાટીમજાહેરકરવામાંઆવી છે. આ સંસ્થાની સ્થાપના ૨૨ જુન ૨૦૦૪ના રોજ રવિ ચાણકયજી દ્વારા કરવામાં આવી હતી. આજે સંસ્થા સમગ્રભારતમાં વિવિધ મંચો અને મોર્ચાઓ દ્વારા રાષ્ટ્રીય સ્તરના ક્ષેત્રોમાં યુવા, યુવતિ શાખા, એજયુકેશન, ડોકટર, આઈટી, અલ્પસંખ્યક વગેરે ક્ષેત્રોમાં કાર્યરત છે.

ગુજરાત રાજયમાં યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ, સજાગતા અને વડાપ્રધાનનરેન્દ્રમોદીજીનાવિચારોના પ્રસાર તાજેતરમાં ગુજરાત પ્રદેશ યુવા મોર્ચાની નવી ટીમ ઘોષિત કરવામાં આવી છે.

આ ટીમનું ઘોષણપત્ર રવિ ચાણકયજી, (રાષ્ટ્રીય સંયોજક), દિલીપસિંહજી (રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી), ચેહરભાઈ દેસાઈ (ગુજરાતઅધ્યક્ષ), દેવેન્દ્રસિંહ જાડેજા (સંગઠન મહામંત્રી), સંજયભાઈ ત્રિવેદી (રાષ્ટ્રીય યુવા સચિવ), ભાવેશભાઈ વાઘમસી (ગુજરાત યુવા અદયક્ષ) તથા રવિગિરી એમ. ગોસ્વામી (ગુજરાત યુવા સંગઠન મહામંત્રી)નામાર્ગદર્શનહેઠળકરવામાં આવ્યું છે.

તેમની આ નિમણૂકને સ્થાનિક આગેવાનો, પ્રશાંતભાઈ પરમાર જેમનેનરેન્દ્રમોદીવિચારમંચ ગુજરાત પ્રદેશ યુવા મોરચાના ઉપપ્રમુખપદેનિમણૂકકરવામાંઆવી તેમજ યજ્ઞેશભાઈ કારેલીયાને નરેન્દ્ર મોદી વિચાર મંચ ગુજરાત પ્રદેશ યુવા મોરચાના કાર્યાલય મંત્રી તરીકે નિમણૂકકરવામાંઆવીછે. સાથે સાથે સાગરભાઈ સરવૈયા નરેન્દ્ર મોદી વિચાર મંચ ગુજરાત પ્રદેશ યુવા મોરચાના ઉપપ્રમુખ પદે નિમણૂક કરવામાં આવી છે. અને ગૌરવભાઈ મહેતાને નરેન્દ્ર મોદી વિચાર મંચ ગુજરાત પ્રદેશ યુવા મોરચાના કારોબારી સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવીને તો આં ચારેય યુવાવર્ગને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ.

આ નવી ટીમ રાષ્ટ્રહિત અને યુવાવિકાસ માટે નવો મોખરાનો પડકાર સ્વીકારી આગળ વધશે. જે યુવાન મિત્રો સંગઠન સાથે જોડાવા માંગતા હોય તેઓ નીચેના નંબર પર સંપર્ક કરી શકે યજ્ઞેશભાઈ કારેલીયા (૮૪૦૧૪૪૧૫૫૩).


## અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

### ''અમર ડેરી''

અમર ત્રિભેટો, ધારી રોડ, અમરેલી. ૩૬૫૬૦૧

**ટેન્ડર નિવિદા (શોર્ટ)**

**દૂધ પરીવહન, દાણ પરીવહન, દૂધ પેકેજીંગ, દાણ બનાવવા અને અન્ય કામ અંગેનો કોન્ટ્રાકટ આપવાનો છે**

દુધ સંઘ તરફથી પરીવહન તથા પેકેજીંગ તથા અન્ય કામ અંગેનું કામ કરતા તમામ અનુભવી કોન્ટ્રાકટરોને જણાવવાનું કે શ્રી અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી ખાતે દૂધ પરીવહન, દાણ પરીવહન તથા દૂધ પેકેજીંગ, દાણ બનાવવા તથા અન્ય કામ અંગેનો કોન્ટ્રાકટ આપવાનો હોય રસ ધરાવતા તમામ કોન્ટ્રાકટરોને ટેન્ડર સીલબંધ કવરમાં ભરવા જણાવવામાં આવે છે. કવર ઉપર દૂધ પરીવહન, દાણ પરીવહન તથા દૂધ પેકેજીંગ, દાણ બનાવવા તથા અન્ય કોન્ટ્રાકટ (લાગુ પડતુ હોય તે લખવું) સ્પષ્ટ મોટા અક્ષરે લખવાનું રહેશે.

| અનુ. | વિગત | અર્નેસ્ટ મનીની ડીપોઝીટ | ટેન્ડર ફોર્મ આપવાની તારીખ | ટેન્ડર સ્વીકારવાની તારીખ અને સમય | ટેન્ડર ખોલવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | **દૂધ પરીવહન**<br>૧. દૂધ મંડળીથી બી.એમ.સી. સેન્ટર<br>૨. ચીલીંગ સેન્ટરથી અમર ડેરી<br>૩. અમર ડેરી થી અમૂલ ફેડ ગાંધીનગર | <br>૨૦૦૦/-<br>૩,૦૦,૦૦૦/-<br>૩,૦૦,૦૦૦/- | ૩૦-૦૫-૨૫ | ૦૭-૦૬-૨૫ બપોરના ૧૫-૦૦ સુધી | ૧૦-૦૬-૨૫ |
| ૨ | **દાણ પરીવહન**<br>અમર દાણ ફેકટરીથી સંસ્થા જયાં મોકલે ત્યાં જવાનું રહેશે. | ૫૦૦૦૦/- | ૩૦-૦૫-૨૫ | ૦૭-૦૬-૨૫ બપોરના ૧૫-૦૦ સુધી | ૧૦-૦૬-૨૫ |
| ૩ | દૂધ પેકેજીંગ અને અન્ય કામ અંગેનો કોન્ટ્રાકટ | ૫૦૦૦૦/- | ૩૦-૦૫-૨૫ | ૦૭-૦૬-૨૫ બપોરના ૧૫-૦૦ સુધી | ૧૦-૦૬-૨૫ |
| ૪ | દાણ બનાવવા માટે જરૂરી કામ અંગેનો કોન્ટ્રાકટ | ૫૦૦૦૦/- | ૩૦-૦૫-૨૫ | ૦૭-૦૬-૨૫ બપોરના ૧૫-૦૦ સુધી | ૧૦-૦૬-૨૫ |
| ૫ | દુધ પ્રોસેસીંગ અને અન્ય કામ માટે ટેકનીકલ પ્રોફેશનલ વર્કર | ૫૦૦૦/- | ૩૦-૦૫-૨૫ | ૦૭-૦૬-૨૫ બપોરના ૧૫-૦૦ સુધી | ૧૦-૦૬-૨૫ |

(૧) દુધ પરીવહન ક્રમ નં. (૧) માટે રૂા. ૩૦૦/- અને ક્રમ નં. (૨ અને ૩) તેમજ દાણ પરીવહન, પ્રોસેસીંગ અને પેકેજીંગ માટે રૂા. ૧૦૦૦/- નોન રીફંડેબલ રોકડા ભરવાથી ટેન્ડર ફોર્મ તા. ૩૦-૦૫-૨૫ થી તા. ૦૭-૦૬-૨૫ બપોરના ૧૫-૦૦ કલાક સુધી દૂધ સંઘના મુખ્ય કાર્યાલયથી જાહેર રજાના દિવસો સિવાય મળી શકશે.

(૨) ટેન્ડર સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ એ.ડી.થી અથવા માન્ય કુરીયર મારફત સ્વીકારવામાં આવશે.

(૩) કોઈપણ શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

(૪) ટેન્ડર સાથે અર્નેસ્ટ મનીની ડીપોઝીટની રકમનો ડીમાન્ડ ડ્રાફટ "અ.જી.સ.દૂ.ઉ.સંઘ લી."ના નામનો ફરજીયાત બીડવાનો રહેશે. (જે લોકોની ડીપોઝીટ સંઘમાં જમા હોય તેમને ડીમાન્ડ ડ્રાફટ જોડવાનો નથી )

(૫) ટેન્ડર ભરતા કોન્ટ્રાકટરે ટેન્ડર સાથે ટેન્ડરમાં માંગ્યા મુજબના તમામ જરૂરી પ્રમાપત્રો સેલ્ફ એટેસ્ટેડ ઝેરોક્ષ નકલ ફરજીયાત બીડવાની રહેશે.

(૬) ઉપરોકત ટેન્ડર ભરવા માટે સહકારી દૂધ સંઘમાં ૩ વર્ષ સુધી કામ કરેલ હોવું જરૂરી.

(૭) એક યા તમામ ટેન્ડર મંજુર અગર નામંજુર કરવાના તમામ હકક દૂધ સંઘને અબાધિત રહેશે.

**ડો. આર.એસ. પટેલ**
મેનેજીંગ ડીરેકટર
અમર ડેરી – અમરેલી


# દામનગર : ગાયત્રી શકિતપીઠ ખાતે નેત્રનિદાન કેમ્પ યોજાયો



દામનગર, તા.૨૯

દામનગર શકિતપીઠ ગાયત્રી મંદિર ખાતે સીટીઝન ટ્રસ્ટ આયોજિત શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ ગાયત્રી પરિવાર ટ્રસ્ટના સયુંકતઉપકમેનેત્રયજ્ઞ એવમ સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો ધીરૂભાઈ સોલંકી ભટવદરવાળાના આર્થિક સહયોગથી સંતરણછોડદાસબાપુટ્રસ્ટનીહોસ્પિટલ રાજકોટની તબીબી સેવાએ યોજાયેલ નેત્રયજ્ઞમાંમોતીયાનાદર્દીનારાયણોને રાજકોટલઈજવાલાવવારહેવા, જમવા, દવા, ચશ્માં, ટીપાસહિતમફતનેત્રમણી આરોપણ કરી આપતા સેવાયજ્ઞમાં સર્વરોગ નિદાન કેમ્પમાં ગુજરાત રાજયના આર્યુવેદીકદવાખાના વિભાગ અમરેલી જિલ્લા પંચાયતના વિભાગના તબીબડો. મનીષજેઠવાદ્વારાસેવાઅપાય હતી. આંખને લગતા તમામ રોગની નિષ્ણાંત તબીબો ધ્વારા તપાસ કરાય હતી. આ સેવા યજ્ઞ અસંખ્ય સ્વંયમ સેવીઓએ સેવા આપી હતી.

# બકરીના દૂધના ફાયદા – મિતલ ખેતાણી



અમરેલી, તા. ૨૯

બકરીનું દૂધ મધૂર, શીતલ, ઝાડને રોકનાર અને હલકું છે. તે રકતપિત, અતિસાર (ડાયેરીયા) ટી.બી, ઉધરસ તથા તાવને મટાડનાર છે. બકરીઓકદમાંનાનીહોયછે. તીખાઅને કડવા પદાર્થો ખાય છે. પાણી થોડુ પીએ છે અને પરિશ્રમ (ચાલવું, દોડવું ઠેકડા મારવા વગેરે) ઘણો કરે છે. તેથી તેનું દૂધ સઘળા રોગોને મટાડનાર છે. તંદુરસ્ત બકરીનું દૂધ વધુ નિરોગી અને નિર્દોષ ગણાયછે. બકરીનુંદૂધજલ્દીપચેછે. તેથી નાના બાળકો માટે તે બહુ અનુકૂળ છે. બકરીનાંદૂધનુંફીણવાત, પિતઅનેકફનો નાશ કરનાર રૂચિ ઉપજાવનાર બળને વધારનાર જઠરાગ્નિ વધારનાર, મૈથુનશકિત વધારનાર, અમ્લપિત (એસીડીટી) જુના તાવ વગેરેમાં લાભદાયકછે. બકરીનુંદહીંઉતમઝાડનો રોકનાર હલકું ત્રણેય દોષને હણનાર, શ્વાસ, ઉધરસ, ટી.બી. રોગમાં તથા દુબળાપણમાં વખણાય છે. બકરીનું ઘી આંખ અંગે હિતકારી બળને વધારનાર શ્વાસ, ટી.બી., ઉધરસ વગેરે પર હિતકારી છે. પાંડુરોગ, અમ્લપિતશોષ, પેટનો રોગો, ઝાડા, બળતરા, સોજીમાં બકરીના દૂધના ઉપયોગ હિતકારી છે. સ્ત્રીઓને યોનિના રોગો, શુક સંબધિ રોગો, મૂત્રના વિકારો, મળ ગંઠાઈ ગયા હોય વાયુના વિકારો, પિતના વિકારોમાં પણહિતકારીછે. બકરીસામાન્યરીતેજે પાલોખાયછે. તેમાંફેરફારકરવાનથીતેની દૂધની ગુણવતામાં ફેરફાર આવશે. રાત્રે પશુ હેરફેર ઓછું કરતું હોવાથી સવારે દોહવાતુંદૂધદિવસદરમ્યાનનાદૂધકરતાં પચવામાંમારપડેછે.

બકરીના દૂધમાં રહેલા ચરબીનાબેમાઈકોનજેટલાનાનાકણોને લીધે એકરસ લાગે છે. રાયબોફલેવિન અને બાયોટીન પેન્યોગ, ફોસ્ફરસ, વિટામીનએ, બીધરાવેછે. બકરીનાદૂધ તારાવજનમાંવધારોલોહીમાંવિટામીન, લોહતત્વોનો વધારો અને શરીરમાં નોંધપાત્ર વૃદ્ધિજોવામળેલછે. બાળકોના દુગ્ધ આહાર માટે બકરીનું દૂધ ખૂબ જ અગત્યતાપ્રતિપાદિતકરેલછે. બકરીના દૂધનું દહીં નરમ છે. દૂધમાંથી સ્વાદિષ્ટ ચીઝ બને છે. લોકો ખૂબ પસંદ કરે છે. ઘણા સંશોધન ધ્વારા નોંધપાત્ર ઠરેલ છે. બકરીનુંદૂધએહૃદય, આંતરડાનેતથા ખોરાકનીપાચકતાઅનેપોષણસંબંધિત રોગોના દર્દીઓની સારવાર ખૂબ જ મહત્વનું પૂરવાર થયેલ છે. બકરીઓનું દોહન, સાફ સફાઈ, ચરણમાં લઈ જવી વગેરે માવજતના કામ કૌટુંબિક સભ્યો સભ્યો, સ્ત્રીઓ, બાળકો વગેરે કરતા હોવાથી મજૂરી ખર્ચ ચઢતો નથી. દૂઝણી બકરી દીઠ વાર્ષિક સરેરાશ રૂ.૬૦૦-૭૦૦ થાય છે. જયારે દૂધ, ખાતર વગેરે મળી અંદાજિત આવક રૂ.૧૩૦૦-૧૫૦૦ થાય છે. આમ બકરીદોઠચોખ્ખોનફોરૂ.૭૦૦-૮૦૦ થાય છે.

બકરીના દૂધમાં થી દહી, ચીઝ જેવી બનાવટો બનાવી શકાય છે. શહેરીવિસ્તારનાઉપયોગમાટેમાવા, ઘી, મસ્કોબનાવવામાંઆવેછે. આદૂધમાંથી પનીર પણ સારા બને છે. આ દૂધને ૧૦થી૨૫%નીમાત્રામાંભેંસનાદૂધસાથે ભેળવી ચીઝ બનાવવામાં આવે તો સુંદર પ્રકારનું ચીઝ દસ મહિનાને બદલે ચાર થી છ મહિનામાં તૈયાર થઈ શકે છે. ભેંસ અનેબકરીનાદૂધનીએકસરખીમાત્રાના મિશ્રણથીસુંદર ગુણવતાવાળુંમોનોરેલા ચીઝ જે પીઝા બનાવવામાં વપરાય છે. તેસારીબનીશકેછે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણનિયમીતબકરીનુંદૂધપીતા અને તેમણે પોતે પણ બકરીના દૂધ પીવાનીસૌનેસારોએવોપ્રચાર-પ્રસાર કર્યો હતો.

**– મિતલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# ચલાલા : શિવ સત્સંગ મંડળ દ્વારા અમાસ નિમિત્તે શ્રમિકોને અલ્પાહાર



ચલાલા, તા. ૨૯

ભજન, ભોજના અને સેવાકાર્યોનાં સિધ્ધાંતથી અમાસ નિમિત્તે અમરનાથ મહાદેવ મંદિર રાજકોટવિસ્તારમાંરહેતામજુરોનેતથા કિડની હોસ્પિટલમાં દર્દીનાં સંબંધીને જમવાનું આપવામાં આવ્યું હતું તે અલ્પાહારમાંલાડુ, ગાઠીયા, સંભારો, છાશ અને પુરી શાક આપવામાં આવેલ. આશરે ૨૫૦ લોકોને નિઃશુલ્ક જમવાનું આપવામાં આવ્યું હતું. અને તેરકમ શિવમ સત્સંગ મંડળના બહેનો અને ભાઈઓ તરફથી દાન આવે છે તે રકમમાંથી આ સત્કાર્ય કરવામાં આવે છે. છાશ ૩૦ લીટર ભુપતસિંહ ખોડીયાર ડેરી ફાર્મ વાળા તથા ડીસ નંગ ૨૫૦ કિશનભાઈ ગણેશ પ્લાસ્ટિક તરફથીમળેલછે. આજનીજમાડવાની સેવામાં રણજીતસિંહ પઢિયાર, ધીરૂભાઈ બારૈયા, હરેશભાઈ મહેતા, અતુલભાઈ પરમાર, મુકેશભાઈ મહેતાપ છગનભાઈ કેટરસ વાળા અને હિંમતભાઈ મહેતાએ સેવા આપી હતી. આગામી દિવસોમાં સરકારી સ્કુલોમાં નોટબુકોનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે અને ખાસ ગરીબ દિકરીઓની સ્કુલમાં વિતરણ કરવા માટે સંકલ્પ કર્યો છે તો આ અંગે વિધાદાન આપવા ઈચ્છુક દાતાઓને નમ્ર અપીલ કરવામાં આવે છે. દાન આપવા માટે સંપર્ક કરો. મો. ૯૪૨૬૬ ૫૧૬૦૧ હિંમતભાઈ મહેતા ગૃપ એડમીન.

# દામનગર : ગાયત્રી મંદિર ખાતે જયોતિ કળશ રથયાત્રાનું સ્વાગત

દામનગર, તા.૨૯

દામનગર ગાયત્રી મંદિર ખાતે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વારથી જયોતિ કળશ રથયાત્રા પધારતા દરેક સમાજ, સંપ્રદાયોનાશ્રધ્ધાળુભાવિકોએદીપમાળ ામાં ઉત્સાહ ભેર ભાગ લીધો શાંતિકુંજ હરિદ્વારથી પધારેલ શકિત ઉપાસક ની દિવ્યવાણીનોધર્મલાભમેળવવાઅસંખ્ય શહેરીજનોએ શકિતપીઠ ગાયત્રી મંદિર ખાતે હાજરી આપી હતી. દિવ્ય જયોતિ કળશની મહતા ઉદ્દેશ વિશ્વ કલ્યાણ અર્થથી સમગ્ર દેશભરના શહેરી અને અસંખ્ય ગ્રામ્ય વિસ્તારમાં ફરી દિવ્ય વિચાર ફેલાવવા માટે દામનગર શહેરમાં પધારતાભવ્યસ્વાગતસામૈયાસાથેસાંજે દિવ્ય સમૂહ મહાઆરતી યોજાય સામાજિક સંવાદિત પ્રગટાવતા જયોતિ કળશની મહા આરતીમાં અઢારેય આલકની ઉપસ્થિતિ જોવા મળી હતી. શહેરભરમાંથી સામાજિક સ્વૈચ્છિક





સંસ્થાઓ સંગઠનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપી હતી.


## અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

**'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર**

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...


શરૂ થતાં નવા સત્ર માટે... **પ્રવેશ શરૂ**

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળ કોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

**CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે**




**મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ**

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વોટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુકસ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેકિટવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

**PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી**

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦
sunflowerpreschool.in




### શાપર ખાતે ૩ વર્ષથી નોકરી કરતા

# બાબરાનાં ધરાઈ ગામનાં બાબુભાઈ જાદવનું માર્ગ અકસ્માતથી મોત થયુ

## બંધ ટ્રક પાછળ બાઈક અથડાતા મોત થયું

અમરેલી, તા. ૨૯

બાબરા તાલુકાના ધરાઈ ગામેરહેતાઅનેછેલ્લાત્રણવર્ષથીશાપર રાજકોટ ખાતે સિકયુરિટીમાં નોકરી કરતા બાબુભાઈ કાનાભાઈ જાદવ ગત

અનુસંધાન પાના ૬ ઉપર

### ઈલેકટ્રીક વાયર ઉપર કપડા સુકવવા જતાં

# રાજુલાનાં હિંડોરણાનાં નેશનલ હાઈવે નજીક ઈલેકટ્રીક શોર્ટથી યુવકનું મોત

## મૃતક મધ્યપ્રદેશનાં વતની હોવાનું ખુલ્યુ

અમરેલી, તા. ૨૯, મુળ મધ્યપ્રદેશનાં વતની મુકેશ રામસિંહ અજનાર નામના ૩૭ વર્ષિય યુવક તા. ૨૮નાં સવારે ૭ વાગ્યે હિંડોરણા ગામની આગળ નેશનલ હાઈવે રોડ પર આવેલ ગુરૂકૃપા હોટલનાં બાથરૂમમાંથી ઈલેકટ્રીક વાયર પસાર થતો હોય. જે ઈલેકટ્રીક વાયર ઉપર પોતાના કપડા સુકવવા જતા અચાનક યુવકને ઈલેકટ્રીક શોક લાગતા તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### કાર્યકરોનો ઉપયોગ માત્ર મીટીંગમાં ભેગા કરવા માટે થતો હોવાથી રોષ

# બગસરા શહેર ભાજપનાં હોદ્દેદારોનું કોકડુ ગૂંચવાયુ : જૂથબંધીની આશંકા

## શહેર ભાજપ પ્રમુખની વરણી બાદ મહામંત્રીના હોદ્દા માટે પસંદગી પ્રક્રિયા ખોરંભે

બગસરા, તા. ૨૯

બગસરા શહેર ભાજપ પ્રમુખની વરણીને એક મહિના કરતા વધુ સમય વીતિ ગયો છે જો કે હજુ સુધી શહેર ભાજપ મહામંત્રી કે અન્ય

અનુસંધાન પાના ૬ ઉપર




### તાર ફેન્સીંગ નજીક ઉભા હોય

# રાજુલાનાં કડિયાળી ગામે ઈલેકટ્રીક શોર્ટ લાગવાથી યુવકનું મોત

## મૃતકનું નામ સર્જન રાજપુત હોવાનું ખુલ્યુ

અમરેલી, તા. ૨૯

મુળ ઉત્તરપ્રદેશનાં વતની અને હાલ રાજુલાના કડિયાળી ગામે એગ્રીટેકસ લેબર કોલોનીમાં રહેતા સર્જન જગતપાલ રાજપુત નામના ૧૯ વર્ષિય યુવક તા. ૨૮નાં સવારે ૭:૩૦ વાગ્યે ઉભા હતા. ત્યારે તાર ફેન્સીંગ ઉપર અચાનક ઈલેકટ્રીક શોક લાગતા યુવકને શોક લાગતા તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)